Monday 14, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં નારગોલ બીચ પર સફાઈ અભિયાન

## નારગોલ બીચને 'બ્લુ ફ્લેગ બીચ' બનાવવાનો સંકલ્પ



### નારગોલ બીચને સ્વચ્છ, સુંદર અને શ્રેષ્ઠ ટૂરિઝમ ડેસ્ટિનેશન બનાવવા આ ડ્રાઈવ ચાર માસ સુધી ચલાવવાની છેઃ મંત્રી કનુભાઈ દેસાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૩ :** આંતરરાષ્ટ્રીય સફાઈ કાંઠા દિવસ નિમિત્તે કેન્દ્ર સરકારની મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ દ્વારા તા. ૧૨ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર - ૨૦૨૬ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના નારગોલ બીચ ખાતે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં સફાઈ અભિયાન હાથ ધરાયુ હતું. જેમાં ધારાસભ્ય રમણલાલ પાટકર, જિલ્લા કલેકટર નીતિન સાંગવાન સહિત વિવિધ સંગઠનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, પૂજ્ય મહાત્મા ગાંધીજી સ્વચ્છતાના હિમાયતી હતા. સ્વચ્છતા માટેનો એમનો આગ્રહ સમગ્ર વિશ્વમાં જાણીતો છે અને ત્યારપછી જો દેશના કોઈપણ વડાપ્રધાને જાહેરાત કરી હોય કે મારે સ્વચ્છ ભારત મહાત્મા ગાંધીજીને ભેટ આપવું છે

નારગોલ બીચ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે કલેક્ટર નીતિન સાંગવાને કરેલા અથાગ પ્રયત્નોને મંત્રીએ બિરદાવી વિવિધ સંસ્થા અને સહભાગીઓને પણ અભિનંદન પાઠવી વધુમાં જણાવ્યું કે, શિવરાજપુર બીચને મહત્વ આપી સરકારે બજેટમાં એના વિકાસ માટે જોગવાઈ કરી તો નારગોલ બીચ માટે પણ મને ચોક્કસ ખાતરી છે કે, આપણે સફાઈ અભિયાન હાથ ધરી નારગોલ બીચને એક સુંદર સ્થળ બનાવીએ, કલેક્ટરે સફાઈ અભિયાનની આ ડ્રાઈવ શરૂ કરી છે, એ ડ્રાઈવ ત્રણથી ચાર મહિના સુધી ચલાવવી પડશે. ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકરે જણાવ્યું કે, જિલ્લા કલેકટર નીતિન સાંગવાન અવરનવર નારગોલ બીચ પર આવી જાતે જ સફાઈ અભિયાન હાથ ધરી લોકોને પ્રોત્સાહિત કરી રહ્યા છે એ આપણા સૌ માટે ખૂબ જ ગર્વની બાબત છે. આપણે સૌ સફાઈ અભિયાનને આપણા જીવનનો મંત્ર બનાવીએ. આવનારા દિવસોમાં આ દરિયાઈ પટ્ટીને વિકસાવવા માટે બધાની પણ ફરજ છે કે, આ નારગોલ બીચને સ્વચ્છ અને સુંદર રાખીએ.

જિલ્લા કલેકટર નીતિન સાંગવાને જણાવ્યું કે, નારગોલ બીચ ખૂબ જ સુંદર બીચ છે. આપણે બધા પ્રયત્ન કરીશું તો એક સારામાં સારો બ્લુ ફલેગ બીચ જેવો સ્ટેન્ડર્ડ બીચ બનાવી શકીશું.

પારડી પ્રાંત અધિકારી નિરવ પટેલે જણાવ્યું કે, નારગોલ બીચના સફાઈ અભિયાન માટે ઉમરગામ ઈન્ડ્રસ્ટીઝ એસોસિએશન દ્વારા ૨૫ માણસો ફાળવાયા છે. આ સિવાય મરીન ટાસ્ક ફોર્સ, એસઆરપી ગૃપ કલગામ, ટાટા વાડિયા સ્કૂલ, દક્ષિણા વિદ્યાલય અને જલારામ સ્કૂલ પણ આ સફાઈ અભિયાનમાં જોડાઈ છે.

આ પ્રંસગે ગામના આગેવાન યતિનભાઈ ભંડારીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો સફાઈ અભિયાનમાં જોડાયા હતા અને નારગોલને સુંદર બીચ બનાવવાના સંકલ્પ લીધા હતા.



## વાપીમાં શ્રીજીની પ્રતિમા ખરીદવા ભાવિકોની ભારે ભીડ

સોમવારથી ગણેશોત્સવનો ભક્તિભાવ અને ઉલ્લાસભેર પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ગણેશોત્સવની પૂર્વ સંધ્યાએ વાપી પંથકમાં વિવિધ મૂર્તિકારોને ત્યાં શ્રીજીની અગાઉથી બુક કરેલી નાની મોટી પ્રતિમાઓ અને સ્થાપનની પ્રતિમાઓ ખરીદી લઈ જવા ભારે ભીડ ઉમટેલી જોવા મળી હતી.મોટેભાગે ૫ ફૂટથી ઊંચી ૧૫ ફૂટ સુધીની પ્રતિમાઓ મોટાભાગના આયોજકોએ પોત પોતાના પંડાલોમાં લાવીને મૂકી દીધી છે જ્યારે સ્થાપનાની પ્રતિમાઓ તથા નાની પ્રતિમા સ્થાપનારો આજે ખરીદી માટે ઉમટી પડ્યા હતા.

## વાપીના ત્રણ પોલીસ મથકેથી આશરે ૩૦૦ ગણેશ ઉત્સવને મંજૂરી અપાઈ

### આજે સોમવારે બાકી રહેલા કેટલાક સાર્વજનિક મંડળોને મંજૂરી આપી દેવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** ગણેશ ઉત્સવની પૂર્વ સંધ્યાએ વાપી શહેરના ત્રણેય પોલીસ મથકોમાં મંડળો દ્વારા મોટાભાગે મંજૂરી લેવાઈ ગઈ છે. વાપી ટાઉન, જીઆઈડીસી અને ડુંગરા પોલીસે મળીને અત્યાર સુધીમાં આશરે ૩૦૦ જેટલા ગણેશ મંડળોને સ્થાપનાની મંજૂરી આપી દીધી છે.

મળતી માહિતી મુજબ વાપી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રવિવાર સુધીમાં ૧૪૪ મંડળો, જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાંથી ૭૦ અને ડુંગરા પોલીસ સ્ટેશનમાંથી ૮૮ ગણેશ ઉત્સવ મંડળોને મંજૂરી આપવામાં આવી છે.

પોલીસ દ્વારા મંડળોને ડીજે, ટ્રાફિક નિયમો, સીસીટીવી, લાઈટિંગ અને સુરક્ષા અંગેની ગાઈડલાઈન પણ આપવામાં આવી રહી છે. જાહેર માર્ગો પર મંડપ બાંધવાથી ટ્રાફિકને અડચણ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા સૂચના અપાઈ છે.

હજુ પણ કેટલાક સાર્વજનિક મંડળોની અરજી પ્રક્રિયામાં છે, જેમને સોમવારે મંજૂરી આપી દેવામાં આવશે. પોલીસે આ વખતે ગણેશ ઉત્સવ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે ચુસ્ત બંદોબસ્તનું આયોજન કર્યું છે.

## વલસાડ જિલ્લામાં અસહ્ય ગરમી બાદ મેઘમહેરથી વાતાવરણમાં ઠંડક પ્રસરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** લાંબા સમય બાદ દક્ષિણ ગુજરાત સહિત વલસાડ જિલ્લામાં વરસાદ શરૂ થતા બફારા તેમજ લોકોને ગરમીમાં મોટી રાહત મળી છે. વરસાદ પડતા ગણેશ મંડળના સંચાલકો મૂંઝવણમાં મુકાયા છે. જોકે ખેતરના ઉભા પાકને જીવત દાન મળ્યું હતું. દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં લાંબા સમયથી ચાલી રહેલા અસહ્ય બફારા અને ગરમી બાદ આજે હવામાનમાં અચાનક પલટો આવ્યો છે. વલસાડ શહેર સહિત સમગ્ર ગ્રામ્ય વિસ્તારોમાં ગઈકાલે રાત્રે થી કાળા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ આજે સવારથી ધીમી ગતિએ વરસાદ શરૂ થતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જોકે ખેતરમાં ઉભા પાકને પણ જીવન મળી ગયું હતું. વલસાડ જિલ્લામાં આજરોજ આજે સવારે ૬:૦૦ થી સાંજે ૪ વાગ્યા સુધીમાં વલસાડ જિલ્લાના વલસાડમાં ૧૬ મીમી

ધરમપુરમાં ૭૭ મીમી,પારડીમાં ૨૬ મીમી, કપરાડામાં ૮૫ મીમી, ઉંમરગામમાં ૨૩ મીમી, વાપીમાં ૫૫ મીમી, નાનાપોંઢા તાલુકામાં ૬૪ મીમી જેટલો વરસાદ નોંધાયો છે.

### વાપી પંથકમાં ફરી મેઘરાજાની મહેરથી ઠંડક પ્રસરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** શ્રાવણ માસમાં ઝરમરિયા વરસાદ બાદ વિરામ લીધેલા મેઘરાજાએ ભાદરવા માસના પ્રારંભે જ વાપી પંથકમાં ફરી મહેર વરસાવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. સતત પડી રહેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા, જોકે ભારે વરસાદથી ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છે. આ સાથે ચોમાસાની સિઝનનો કુલ વરસાદ ૯૨ ઇંચ પર પહોંચ્યો છે.

### પારડી પંથકમાં વરસાદથી ખેડૂતોને રાહત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી સહિત તાલુકાના ગામડાઓમાં આજે રવિવારના રોજ વહેલી સવારથી જ વરસાદ રહેતા જનજીવન ખોરવાયું હતું. જોકે લાંબા સમય બાદ મેઘરાજાની મહેર આવતા ખેડૂતોને રાહત મળી શકશે અને ડાંગરના પાકને વરસાદી પાણી મળતા જીવનદાન મળશે આજે રવિવારે વહેલી સવારથી જ પારડી પંથકમાં ભારે વરસાદ રહ્યો હતો. ભારે વરસાદના કારણે ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જાહેર માર્ગોમાં થયો હતો. સાંજના ચાર વાગ્યા સુધી વરસાદ રહ્યા પરંતુ વરસાદની હેલી આવતા ખેતરો ભરાયા છે. ખેડૂતોને ગામડામાં ડાંગરના પાકને જોઈએ એટલો ભરપૂર પાણી આજે મળ્યો હતો.

## કકવાડીના ગણેશ આગમનમાં તલવારબાજી : ૪ સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ તાલુકાના કકવાડીગામે શ્રીજીના આગમન મહોત્સવ દરમિયાન કેટલાક યુવાનો દ્વારા જાહેર માર્ગ પર ખુલ્લી તલવારો સાથે કરતબો કરી ભયનો માહોલ ઊભો કરવાનો મામલો સામે આવ્યો છે. આ સમગ્ર ઘટના અંગે સ્થાનિકો દ્વારા ડુંગરી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. વલસાડ તાલુકાના કકવાડીગામમાં ગણપતિ બાપ્પાના આગમન પ્રસંગે શોભાયાત્રા યોજાઈ હતી. આ ધાર્મિક કાર્યક્રમ દરમિયાન ગામના મેથીયા ફળિયા માં રહેતા જયંતિભાઈ લલ્લુભાઈ ટંડેલ, તેમનો પુત્ર સાહિલકુમાર જયંતિભાઈ ટંડેલ તેમજ હેનિક રતિલાલ ટંડેલ અને મોહિત ટંડેલ નામના શખ્સો દ્વારા ગામના મુખ્ય રસ્તા પર તલવાર સાથે તલવારબાજી કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. ધાર્મિક ઉત્સવ વચ્ચે જાહેર માર્ગ પર ખુલ્લેઆમ હથિયારો લહેરાવી કરાયેલા આ કૃત્યને કારણે ત્યાં હાજર શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોમાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાના વીડિયો પણ સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યા છે.

ગામમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહીં તે હેતુથી ગ્રામજનો દ્વારા ડુંગરી પોલીસ મથકે અરજી આપી સમગ્ર મામલાની તટસ્થ તપાસ હાથ ધરી, જાહેર શાંતિનો ભંગ કરનારા તમામ જવાબદારો સામે કાયદેસરના પગલાં ભરવા માંગ કરવામાં આવી છે. પોલીસે આ મામલે અરજીના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

## સેલવાસમાં વીઆઈપી મુલાકાત પૂરી થતાં ઢોર ફરી રસ્તા પર છોડી મુકાયા!

### રખડતાં ઢોરોને ૪૮ કલાકની કાર્યવાહી બાદ ફરી છોડી મુકાતાં ટ્રાફિકનો પ્રશ્ન અને અકસ્માતની શકયતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૩ :** ઉપ-રાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનની બે દિવસીય સેલવાસ મુલાકાત પૂર્વે પ્રશાસને શહેરના મુખ્ય માર્ગો અને જાહેર વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં રખડતા ઢોરને પકડીને કામત હોટલ પાછળના વિસ્તારમાં રાખ્યા હતા. જોકે, વી.આઈ.પી. મુલાકાત પૂર્ણ થયા બાદ ૧૨ સપ્ટેમ્બરની સાંજે આશરે ૬ વાગ્યે આ ઢોરને ફરીથી છોડી દેવામાં આવતા પ્રશાસનની કામગીરી અને તેના સ્થાયી ઉકેલ અંગે સવાલો ઊભા થયા છે.મળતી માહિતી અને પ્રાપ્ત થયેલા વીડિયો ફૂટેજ મુજબ, ૯ સપ્ટેમ્બરે શહેરના વિવિધ વિસ્તારોમાંથી રખડતા ઢોરને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન રસ્તાઓ અને બજાર વિસ્તારોમાં ઢોરના ટોળાંને કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક સ્થળોએ અફરાતફરી જેવી સ્થિતિ સર્જાઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.

ઉપ-રાષ્ટ્રપતિની મુલાકાત દરમિયાન સિલ્વાસાના મુખ્ય વિસ્તારો સ્વચ્છ અને વ્યવસ્થિત દેખાય તે માટે પ્રશાસને મોટા પાયે કામગીરી હાથ ધરી હતી. વિવિધ વિસ્તારોમાંથી ઢોરને હટાવીને એક સ્થળે રાખવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન વાહનો, કર્મચારીઓ અને અન્ય સંસાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જોકે, મુલાકાત પૂર્ણ થયા બાદ ઢોરને ફરીથી શહેરના વિવિધ વિસ્તારોમાં છોડી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. પરિણામે રહેણાંક વિસ્તારો, બજારો તેમજ શાળા-હોસ્પિટલ નજીક ફરીથી રખડતા ઢોરનો પ્રશ્ન ઊભો થયો છે. આ સ્થિતિમાં ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને રાહદારીઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. આ સમગ્ર ઘટનાએ એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઊભો કર્યો છે કે, જો પ્રશાસન ઉચ્ચસ્તરીય મુલાકાત દરમિયાન માત્ર ૪૮ કલાકમાં મોટી સંખ્યામાં ઢોરને પકડીને એક સ્થળે રાખવાની વ્યવસ્થા કરી શકે છે, તો આ જ વ્યવસ્થાનો ઉપયોગ કાયમી ઉકેલ માટે કેમ ન કરી શકાય? કામત હોટલ પાછળ ઉપયોગમાં લેવાયેલી જગ્યા, ઉપલબ્ધ માનવશક્તિ અને વાહનવ્યવસ્થા સહિતની વ્યવસ્થા દરમિયાન પ્રશાસન દ્વારા ઝડપી કામગીરી કરવામાં આવી હતી. આ વ્યવસ્થાને કાયમી પશુ આશ્રય અથવા નિયંત્રિત હોલ્ડિંગ સેન્ટર તરીકે વિકસાવી શકાય તેવી શક્યતા અંગે પણ ચર્ચા થઈ રહી છે.

## વાપી જે-ટાઈપ આરઓબી અને એફઓબીની કામગીરી પૂર્ણતાના આરે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી રેલ્વે સ્ટેશનના પૂર્વથી પશ્ચિમ વિસ્તારમાં પગપાળા અવર જવર અને યાત્રીઓને પ્લેટફોર્મ ૧ થી ૨ ,૩ પર આવવા જવા માટે ૫૦ કરોડના ખર્ચે નિર્માણાધિન ફૂટ ઓવર બ્રિજનું કામ સોમવારે પૂર્ણ થઈ ગયું હશે. પશ્ચિમ રેલવેના અત્યંત વ્યસ્ત સ્ટેશનોમાં સ્થાન ધરાવતા વાપી રેલ્વે સ્ટેશન પર દરરોજ ૫૫ હજારથી વધુ મુસાફરોની અવરજવર થાય છે. વધતા મુસાફરભારને ધ્યાનમાં રાખીને સ્ટેશનના પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડતો આશરે રૂ. ૫૦ કરોડના ખર્ચે આધુનિક ફૂટ ઓવરબ્રિજ (એફઓબી) બનાવવાની કામગીરીમાં શનિવારે



લોખંડના સ્પાન રેલ્વે ટ્રેક ઉપરના ભાગે ફિટ કરવાનું કામ શનિવારે ૫૦ ટકા પૂર્ણ કર્યા બાદ આજે રવિવાર રાત્રે બાકીનું અધૂરું કામ પૂર્ણ થઈ જશે તેવું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.જે બાદ નિર્માણ એજન્સી દ્વારા બ્રિજના બંને છેડે ફ્લોરિંગ, છત, લાઈટિંગ, લિફ્ટ સહિતની અંતિમ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. આ બ્રિજ પૂર્ણ થયા બાદ મુસાફરો પ્લેટફોર્મ નં. ૧ પરથી સીધા પ્લેટફોર્મ નં. ૨ અને ૩ પર તેમજ સ્ટેશનના પૂર્વ અને પશ્ચિમ બહારના માર્ગ સુધી સરળતાથી પહોંચી શકશે. જોકે દિવાળી સુધીમાં આ બ્રિજ લોકાર્પણ કરાય તેવી શક્યતા છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

જોઈએ છે
ડીલીવરી બોય (વાપી એરિયા માટે)
લાયસન્સ હોવુ જરુરી છે
રૂબરૂ મળો
જરીવાલા કનેક્ટ એલએલપી શોપ નં. જી.એ. ૦૫/૦૬, સોલીટર બિઝનેસ સેન્ટર, સેલવાસ રોડ, ડીસીબી બેંકની સામે, વાપી - ૩૯૬૧૯૧
Mo.9979895350

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

# કમલમ ખાતે જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખે પદભાર સંભાળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તાજેતરમાં ઉદ્ઘાટન કરવામાં આવેલા નવસારીના નવનિર્મિત નમો કમલમ કાર્યાલય ખાતે શનિવારે ગૌરવપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સુમિત્રાબેન પટેલે શનિવારે નવસારી જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે વિધિવત રીતે પદભાર ગ્રહણ કર્યો હતો. સંગઠનને વધુ મજબૂત અને વેગવંતું બનાવવાનો સંકલ્પ લેતા, તેમણે પ્રથમ દિવસથી જ લોકકલ્યાણના કાર્યોનો આરંભ કર્યો હતો. સુમિત્રાબેન દ્વારા સુકન્યા સમૃદ્ધિ યોજનાના ફોર્મ ભરવાની શરૂઆત કરાવીને પોતાના કાર્યકાળના શ્રીગણેશ કરવામાં આવ્યા હતા.

આ પદગ્રહણ પ્રસંગે જિલ્લાના અનેક અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં, જેમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ ભુરાલાલ શાહ, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, ધારાસભ્ય રાકેશ દેસાઈ, મહામંત્રીઓ જીગર દેસાઈ અને શાંતિલાલ પટેલ, ગણદેવી નગરપાલિકા પ્રમુખ અનિતાબેન ભંડારી, બીલીમોરા ભાજપ શહેર પ્રમુખ નીરવ ટેલર તેમજ શીતલબેન સોની, ઉર્વશીબેન પાટીલ, ડૉ. અનિલ પટેલ, નિતિજ્ઞાબેન પટેલ (માસા) અને શૈલેષ રાજપૂત જેવા મહાનુભાવોનો સમાવેશ થયો હતો. તમામ ઉપસ્થિતોએ સુમિત્રાબેનને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી, જેના -ત્યુત્તરમાં તેમણે લોકસેવા અર્થે સદાય તત્પર રહેવાની ખાતરી આપી હતી.

# બીલીમોરાના રાહુલ મિસ્ત્રી ભૌતિકશાસ્ત્રમાં Ph.D. થયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** બીલીમોરા નિવાસી રાહુલ મોહનભાઈ મિસ્ત્રીએ ભૌતિકશાસ્ત્ર વિષયમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરત ખાતે પોતાનો મહાશોધ નિબંધ 'study of static and dynamic properties of ordinary and exotic hadrone' રજૂ કર્યો હતો. યુનિવર્સિટી દ્વારા તેને માન્યતા આપી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના ગુરુવારે તેમને Ph.D.ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે આ સંશોધન કાર્ય બીલીમોરાની વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અજય મજેઠિયાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું હતું.

આ સંશોધન દરમિયાન તેમને ગુજરાત સરકાર તરફથી 'શોધ' (SHODH) સ્કોલરશીપ મળી હતી તેમજ તેમના શોધપત્રો આંતરરાષ્ટ્રીય જર્નલમાં પણ પ્રકાશિત થયા છે.

તેમના આ સિદ્ધિ બદલ સર્વત્રથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# વઘઈ પોલીસે ચોરી થયેલો મોબાઈલ ફોન શોધી મૂળ માલિકને સોંપ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૩ :** ડાંગ જિલ્લાનાં વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી થયેલો મોબાઈલ ફોન શોધી કાઢી તેના મૂળ માલિકને પરત સોંપવામાં વઘઈ પોલીસને સફળતા મળી છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંઘ અને ડાંગ-આહવાના પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા મિલકત સંબંધિત ગુનાઓ શોધી કાઢવા માટે આપવામાં આવેલી સખત સૂચનાઓ અન્વયે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસે તેરા તુજકો અર્પણ અંતર્ગત પ્રશંસનીય કામગીરી કરી છે.

ઘટનાની વિગત અનુસાર, કાલીબેલ ગામના આંબલી ફળિયા ખાતે ગત તા.૨૦/૦૬/૨૦૨૬ની રાત્રિથી તા.૨૧/૦૬/૨૦૨૬ના વહેલી સવાર દરમિયાન અજાણ્યા ચોર ઈસમે ફરિયાદીના મકાનમાં પ્રવેશ કરી રૂા.૨૨,૦૦૦/-ની કિંમતનો મોટોરોલા કંપનીનો મોબાઈલ ફોન ચોરી લીધો હતો. આ સંદર્ભે વઘઈ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNS)ની કલમ ૩૦૫(એ) અને ૩૩૧(૪) મુજબ ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયા બાદ પોલીસ ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે સઘન તપાસ શરૂ કરી હતી. પોલીસની સતત અને અસરકારક તપાસના અંતે ચોરાયેલો મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યો હતો.

ત્યારબાદ જરૂરી કાયદેસરની કાર્યવાહી ત્વરિત પૂર્ણ કરીને મોબાઈલ ફોન તેના મૂળ માલિકને સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યો હતો.

### રોટરી ક્લબ ગણદેવી અને DATRI દ્વારા

# નવસારીની કોલેજમાં સ્ટેમ સેલ અવેરનેસ અને રજિસ્ટ્રી ડ્રાઈવ યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** રોટરી ક્લબ ઓફ ગણદેવી અને DATRIના સંયુક્ત ઉપક્રમે નવસારીની નારણલાલા કોલેજ ખાતે જીવન બચાવવાની એક અનોખી પહેલરૂપે સ્ટેમ સેલ અવેરનેસ અને રજિસ્ટ્રી ડ્રાઈવનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાંથી ૧૪૨ યુવાનોએ માનવજીવન બચાવવા માટે સ્ટેમ સેલ ડોનર તરીકે રજિસ્ટ્રેશન કરાવી સમાજ સમક્ષ પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિલેષ શાહના ડ્રીમ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલા આ સેવાયજ્ઞમાં તેઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં અને વિદ્યાર્થીઓને સ્ટેમ સેલ ડોનેશનનું મૂલ્ય સમજાવી પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ચેરમેન ડૉ. ઉમા પટેલ તેમજ દક્ષિણ ગુજરાતના પ્રથમ સ્ટેમ સેલ ડોનર પ્રકાશ પટેલે પણ પોતાના પ્રેરક અનુભવો વહેંચી યુવાધનને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

DATRIના પ્રતિનિધિ ઈશ્વર પટેલે વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સ્ટેમ સેલ, રજિસ્ટ્રેશન અને ડોનેશનની સમગ્ર પ્રક્રિયાથી વાકેફ કરી તેમની શંકાઓનું નિરાકરણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોટરી ક્લબ ગણદેવીના નિલેશ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે કાર્યક્રમને સફળ બનાવવામાં નારણલાલા કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. બીપીન નાયક, સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. સુનિલ નાયક તેમજ રોટરી સભ્યોએ મહત્વની જહેમત ઉઠાવી હતી. આ સેવાકાર્ય માટે CloudLabs, Gandevi (USA) દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો, જેના ડિરેક્ટર અને અમૃતમ હોસ્પિટલના સેક્રેટરી અમિત નાયકે સૌને આ માનવતાવાદી અભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો હતો. માનવતાની સેવા અને જીવન રક્ષાના સંકલ્પ સાથે રોટરી ક્લબ ઓફ ગણદેવી દ્વારા તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કરાયો હતો.

# નવસારી જિલ્લા કક્ષાની SGFI સ્પર્ધામાં શ્રી પ્રતાપ હાઈ.ના વિદ્યાર્થીઓ ઝળકયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૩ :** વાંસદા તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી -તાપ હાઈસ્કૂલ, વાંસદાના વિદ્યાર્થીઓએ નવસારી જિલ્લા કક્ષાની શાળાકીય SGFI વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ -દર્શન કરી આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી મેળવી છે. રાજ્ય કક્ષાએ આ વિદ્યાર્થીઓ નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.



તીરંદાજી સ્પર્ધામાં અંડર-૧૯ બહેનોમાં જીગીશા જયેશભાઈ ગાંવિત અને પ્રિયા અશ્વિનભાઈ થોરાટ, અંડર-૧૯ ભાઈઓમાં તન્મય કમલેશભાઈ ભોયા અને જગર હિતેશભાઈ પટેલ, તેમજ અંડર-૧૭ બહેનોમાં ક્રિષ્ના અલ્પેશભાઈ ગાંવિતની પસંદગી થઈ છે. કુસ્તી સ્પર્ધામાં અંડર-૧૯ ભાઈઓમાં ધ્રુવ જીતેન્દ્રભાઈ પવાર અને યશ નટવરભાઈ પટેલ રાજ્ય કક્ષાએ ભાગ લેશે.એથ્લેટિક્સ સ્પર્ધામાં અંડર-૧૪માં રુકૈયા ફકરી વ્હોરાએ ચક્રફેંકમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે અંડર-૧૭માં તન્વી કમલેશભાઈ ગાંગોડાએ ૨૦૦ મીટર તથા ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે.

આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય જયદીપસિંહ પરમારે તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ આપી હતી.

વિદ્યાર્થીઓની આ સફળતામાં શિક્ષક અનિલભાઈ પટેલે કરેલી મહેનત અને માર્ગદર્શનનો વિશેષ ફાળો રહ્યો છે. શાળા મંડળના પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીઓ તથા સમગ્ર શાળા પરિવારે પણ ખેલાડીઓ અને માર્ગદર્શક શિક્ષકને અભિનંદન પાઠવ્યા હતાં.

# આહવા ગ્રા.પં. દ્વારા રખડતા ૨૫૦થી વધુ ઢોર પકડી રંગ ઉપવનમાં રખાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**સાપુતારા, તા. ૧૩ :** ડાંગ જિલ્લાનાં આહવા શહેરમાં રખડતા ઢોરોના કારણે નાગરિકો, રાહદારીઓ અને વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ તેમજ અકસ્માતના જોખમને ગંભીરતાથી ધ્યાનમાં લઈને આહવા ગ્રામ પંચાયત દ્વારા એક સરાહનીય ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.આહવા ગ્રામ પંચાયતનાં સરપંચ હરીરામ સાંવતના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતની ટીમે તાત્કાલિક નિર્ણય લઈને શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૨૫૦થી વધુ રખડતા ઢોરોને પકડી રંગ ઉપવન ગ્રાઉન્ડ ખાતે એકત્રિત કર્યા છે. આ કામગીરી દરમિયાન ગ્રામ પંચાયતે માત્ર ઢોરોને પકડવા પૂરતી સીમિત ન રહેતા, તેમના માટે પૂરતા પ્રમાણમાં ઘાસચારા અને પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા પણ કરી છે. પંચાયતનો આ માનવતાવાદી અને સંવેદનશીલ અભિગમ દર્શાવે છે કે જનસુરક્ષાની સાથે પશુઓની સંભાળનું પણ પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું છે. લાંબા સમયથી ચાલતી રખડતા પશુઓની સમસ્યાથી આહવાના રહીશો પરેશાન હતાં. ત્યારે સરપંચશ્રી હરીરામ સાવંતે જનહિતને પ્રાથમિકતા આપી સમયસર નિર્ણય લીધો છે, જેનાથી શહેરમાં સ્વચ્છતા, સલામતી અને સુવ્યવસ્થા જળવાઈ રહેશે. સ્થાનિક નાગરિકો તરફથી સ્થળ પર જઈને કરાયેલી આ નક્કર કાર્યવાહી અને આહવા ગ્રામ પંચાયતની ટીમની પ્રશંસનીય કામગીરીને ભારે સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

# કાકડવેલથી દીપડો પાંજરે પુરાતા રહીશોએ રાહત અનુભવી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા. ૧૩ :** ખેરગામ તાલુકાના કાકડવેલ ગામ સહિત આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી લોકોની નજરે જોવા મળતો દીપડો ને લઈ લોકો ભયભીત બન્યા હતાં.

ત્યારે ચીખલી વન વિભાગ દ્વારા દસેક દિવસ અગાઉ પ્રવીણભાઈ ભગીભાઈ પટેલ રહે. કાકડવેલ નિશાળ ફળીયાની વાડીમાં એક પાંજરું મૂકવામાં આવ્યું હતું. જેમાં આજરોજ એક કદાવર દીપડો આશરે ચાર વર્ષનો પાંજરે પુરાતા આ વિસ્તારમાં રહીશોએ રાહત અનુભવી છે.

ચીખલી વન વિભાગે દીપડાનો કબજો મેળવી વેટરનરી ડોક્ટર પાસે તપાસ કરાવી ફરીથી જંગલ વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરી છે.

# કુકેરીમાં વીજ કંપની દ્વારા જાણ કર્યા વિના સર્વેની કામગીરી કરાતાં ચીખલીના ખેડૂતોને વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૩ :** ચીખલી તાલુકાના કુકેરી ગામની હદમાંથી ગેટકો વીજ કંપની દ્વારા વીજ લાઈન પસાર થઈ રહી છે. ત્યારે આ વીજ લાઈનનું વિસ્તૃતિકરણ અને નવીનીકરણ કરવાને કારણે ખેડૂતોની ખેતીવાડી અને પાકને તેમજ જમીનને અનેક રીતે અસર થઈ રહી છે. ત્યારે ગેટકો કંપની દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને વીજ લાઈન બાબતની કોઈપણ જાણકારી આપવામાં આવી નથી કે કોઈપણ પત્ર વ્યવહાર કે મૌખિક કે લેખિત જાણ કરવામાં આવી નથી. ત્યારે ખેડૂતોએ ગેટકો વીજ કંપનીના બાંધકામના નાયબ ઈજનેર વિરલભાઈ પ્રજાપતિનો ટેલીફોનિક સંપર્ક કરતા ગેટકો વીજ કંપની દ્વારા તા.૨૩. ૩. ૨૬થી તમામ ખેડૂતોની નોટિસ બજાવી જાણ કરવામાં આવેલ છે અને જેનું કામ એજન્સી ને સોંપેલું છે. ત્યારે છ મહિના વીતવા છતાં પણ કુકેરી ગામના ખેડૂતોને કોઈ નોટિસો મળી નથી અને ગેટકો વીજ કંપનીના માણસો કોઈ કામ અર્થે ખેતરમાં કે ખેતીવાડીમાં પ્રવેશતા વાદવિવાદ સર્જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ત્યારે ખેડૂત ખાતેદારોને સાચી માહિતી કેમ જણાવવામાં આવતી નથી એટલું જ નહીં પરંતુ ખેડૂત ખાતેદારોના જમીનના ૭/૧૨ ના ઉતારા પણ જુના નંબરો મુજબ જ દર્શાવવામાં આવ્યા છે. જેના કારણે ખેડૂતો પણ ગેરમાર્ગે દોરાઈ રહ્યા છે. ત્યારે ગેટકો વીજ કંપની દ્વારા ખેડૂતોને નવા બ્લોક નંબર સર્વે નંબર મુજબ નોટિસો મોકલી સાચી સમજ પૂરી પાડવામાં આવે તે જરૂરી છે. ત્યારે આ બાબતે કુકેરી ગામના ખેડૂતોએ સંબંધિત અધિકારીઓને લેખિત જાણ કરવામાં આવી છે.

# મેંધરમાં સરકારી જમીન પર ગેરકાયદે ઝીંગા તળાવો પર તંત્રનું બુલડોઝર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૩ :** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા હેઠળ આવતા દરિયાકાંઠાના મેંધર ગામે બ્લોક નં. ૯૦૩ (રી-સર્વે નં. ૬૮૪) વાળી સરકારી જમીન પર તંત્રની મંજૂરી વગર ગેરકાયદે ખડકી દેવાયેલા ઝીંગા તળાવો વિરુદ્ધ વહીવટી તંત્રે લાલ આંખ કરી છે.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ આજે સતત ત્રીજા દિવસે પણ ડિમોલિશનની ઝુંબેશ પુરજોશમાં ચાલુ રહી હતી.

ચીખલી પ્રાંત અધિકારી, ગણદેવી મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા સ્થળ પર હાજર રહી શુક્રવારે અંદાજે ૧૦,૦૦૦ ચોરસ મીટર જેટલા વિશાળ વિસ્તારમાંથી ગેરકાયદે દબાણો દૂર કરી જમીન મુક્ત કરવામાં આવી હતી.

તંત્ર દ્વારા હાથ ધરાયેલી આ કડક કાર્યવાહીથી ગેરકાયદે દબાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

અધિકારીઓએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે આગામી દિવસોમાં સરકારી જમીન પરનું કોઈપણ પ્રકારનું અનધિકૃત દબાણ સહેજ પણ ચલાવી લેવામાં આવશે નહીં. કાયદો હાથમાં લેનારા તત્વો સામે કડક કાનૂની પગલાં ભરવાની ઝુંબેશ આવનારા દિવસોમાં પણ આ જ રીતે અવિરત ચાલુ રહેશે.

# નવસારી જિલ્લામાં પર્વતારોહણ તાલીમ શિબિર યોજાશે

**નવસારી, તા. ૧૩ :** ગુજરાત સરકારના યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર દ્વારા રાજ્યના સાહસિક બાળકો/યુવાનો તથા ૧૪ થી ૪૫ વર્ષના સાહસિકોને સાહસિક પ્રવૃત્તિઓ અંતર્ગત જમીન, પર્વત તથા દરિયાઈ એડવેન્ચર સ્પોર્ટ્સ અંગે તાલીમ આપવામાં આવે છે. જે અંતર્ગત નવસારી જિલ્લામાં પર્વતારોહણની બિનનિવાસી તેમજ નિવાસી પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવનાર છે. આ તાલીમ કાર્યક્રમ હેઠળ વાંસદા તાલુકામાં આવેલ તોરણિયા ડુંગર, ગોધાબારી-સરા ખાતે બિનનિવાસી અને નિવાસી પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવનાર છે. આ તાલીમ શિબિરનું આયોજન આગામી તા.૨૧ સપ્ટેમ્બરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન કરવામાં આવનાર છે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૨-૦૯-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** શ્રાવણ, બીજ, **સૂર્યોદય :** ૦૬ : ૨૯ **સૂર્યાસ્ત** ૦૬ :૪૨, **ચંદ્રોદય** - ૦૭:૨૦ **ચંદ્રાસ્ત** - ૦૭:૨૬ **ચંદ્ર રાશિ :** કન્યા, **નક્ષત્ર** - ઉત્તરા ફાલ્ગુની

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ તમારા આર્થિક આયોજન અને પેન્ડિંગ ખર્ચાઓને પૂરા કરવા માટે ઉત્તમ સાબિત થશે.

**વૃષભ (બ, વ, ઉ) :** નોકરી અને કરિયરમાં પ્રગતિ અથવા નવી જવાબદારીઓ મળવાના મજબૂત અને શુભ સંકેતો દેખાઈ રહ્યા છે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજે ઓફિસમાં તમારે ઉતાવળમાં નિર્ણયો લેવાથી બચવું પડશે અને કામને પ્રાથમિકતા આપવી પડશે.

**કર્ક (ડ, હ) :** કાર્યસ્થળ પર તમારા કામ પ્રત્યેની નિષ્ઠા જોઈને ઉચ્ચ અધિકારીઓ તમારાથી ખૂબ પ્રભાવિત થશે. ગુરુના શુભ પ્રભાવથી નાણાકીય સ્થિતિ મજબૂત રહેશે અને મનમાં આર્થિક સુરક્ષાનો ભરોસો જળવાશે.

**સિંહ (મ, ટ) :** આજે તમારે તમારા ખર્ચાઓ પર અંકુશ રાખવાની અને મોજશોખના ખોટા દેખાડાથી દૂર રહેવાની જરૂર છે.

**કન્યા (પ, ઠ, ણ) :** તમારી જ રાશિમાં ચંદ્ર અને બુધ હોવાથી આર્થિક હિસાબ-કિતાબ અને નાણાકીય બાબતો પર તમારું પૂરું ધ્યાન રહેશે.

**તુલા (ર, ત) :** શુક્રના પ્રભાવથી આજે લેવડ-દેવડની બાબતોમાં યોગ્ય સંતુલન જાળવવામાં તમને મોટી સફળતા મળશે. કાર્યક્ષેત્રમાં તમારી સર્જનાત્મક વિચારસરણીની પ્રશંસા થશે અને પ્રગતિની નવી તકો સામે આવશે.

**વૃશ્ચિક (ન, ય) :** નોકરી અને વેપારમાં તમારી કાર્યક્ષમતાના કારણે જૂના ચાલી રહેલા વિવાદોનો કાયમી અંત આવશે. પૈસા કમાવવાની કે રોકાણ કરવાની નવી ગુપ્ત યોજનાઓ અત્યારે કોઈની સાથે શેર ન કરવી હિતાવહ છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારો દિવસ ખૂબ જ વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે તમારી અંદર તાજગી અને નવી ઉર્જા જાળવી રાખશો.

**મકર (ખ, જ) :** ઓફિસમાં તમારી ધીરજ અને જૂના અનુભવો મુશ્કેલ પરિસ્થિતિઓને પણ સરળતાથી ઉકેલવામાં મદદ કરશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** કાર્યક્ષેત્રમાં તમારા નવા વિચારો અને ટેકનિકલ જ્ઞાનના કારણે સહકર્મીઓમાં તમારો દબદબો મજબૂત થશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** નોકરીમાં ઈચ્છિત જગ્યાએ બદલી થવાના કે પ્રમોશન મળવાના ખૂબ જ મજબૂત સંકેતો દેખાઈ રહ્યા છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**શનિવાર/રવિવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે** : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 8 | | 6 | | | 9 |
| | 6 | | | 4 | | | 1 | |
| | | 2 | | | | 5 | | |
| 8 | 7 | | 9 | | 1 | | 3 | 2 |
| | 9 | | | | | | 8 | |
| 1 | 2 | | 6 | | 7 | | 4 | 5 |
| | | 6 | | | | 4 | | |
| | 4 | | | 9 | | | 7 | |
| 5 | | | 3 | | 4 | | | 8 |

**અહીં એક ચોકઠું આપ્યું છે**
**જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**
**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**
**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**
**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**
**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

### સુડોકુ નં.૬૭૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 7 | 1 | 8 | 9 | 3 | 6 |
| 7 | 9 | 3 | 6 | 4 | 2 | 1 | 5 | 8 |
| 6 | 1 | 8 | 5 | 9 | 3 | 4 | 7 | 2 |
| 4 | 6 | 2 | 1 | 8 | 7 | 3 | 9 | 5 |
| 3 | 7 | 5 | 4 | 2 | 9 | 6 | 8 | 1 |
| 9 | 8 | 1 | 3 | 5 | 6 | 7 | 2 | 4 |
| 1 | 4 | 9 | 2 | 7 | 5 | 8 | 6 | 3 |
| 8 | 2 | 6 | 9 | 3 | 4 | 5 | 1 | 7 |
| 5 | 3 | 7 | 8 | 6 | 1 | 2 | 4 | 9 |

Monday 14, September 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# ઉમરસાડી દેસાઈવાડ દરિયા કિનારે સફાઈ કરાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ માછીવાડ ગ્રામ પંચાયત તાલુકા પંચાયતના કર્મયોગીઓ ભાજપના કાર્યકર્તા ઓ અને ગામના વિવિધ સામાજિક આગેવાનો સાથે ઉમરસાડી દેસાઈવાડ વોક વે બ્રિજ દરિયા કિનારે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં ખૂબ મોટી સંખ્યામાં ગામલોકોએ ભાગ લીધો હતો આ અભિયાન માં પારડી તા પં ના જીભ,વલસાડ જિલ્લા કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ, ઉમરસાડી દેસાઈવાડના સરપંચ રાજુભાઈ નાયકા, ઉપ સરપંચ ભુપેન્દ્ર પરમાર તલાટીકમ મંત્રી સલોનીબેન માછીવાડ સરપંચ અને પારડી તાલુકા ભારતીય જનતા પાર્ટી ના મહિલા મોરચા ના પ્રમુખ ખુશ્બૂબેન ટંડેલ ભાજપના સિનિયર કાર્યકર્તા મહેશભાઈ દેસાઈ ભાજપ તાલુકા મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, મંત્રી ધવલ દેસાઈ કોળી સમાજના આગેવાન રમેશભાઈ મોહનભાઈ પટેલ યુવા કાર્યકરતા પિંકલ પટેલ, રાજેશ નરસિંહભાઈ પટેલ પ્રિતેશભાઈ, હળપતિ સમાજના આગેવાનો શિવુભાઈ, ઉદયભાઈ, તા પં સભ્ય મુકેશભાઈ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે ભાગ લીધો સમગ્ર કાર્યક્રમનું આયોજન તલાટીકમ મંત્રી સલોનીબેન, કારકુન કિરણભાઈ પટેલે કર્યું હતું. સ્કોટ પુનાવાલા કંપની જે વી બી હાઈસ્કૂલ ના સ્ટાફ આંગણવાડી બહેનો એ પણ આ પવિત્ર કામમાં સહયોગ કર્યો આ અભિયાન આવનાર દિવસો માં પણ ચાલુ રાખવામાં આવશે તા ૧૬,૧૯ તારીખે પણ આજ પ્રમાણે કામગીરી ચાલુ રહશે પરિયાવરણ પ્રેમીઓ ને ખુબજ મોટી સંખ્યામાં આ અભિયાન માં સાથ આપવા વિનંતી કરવામાં આવી છે.

### વડાપ્રધાનના જાહેર જીવનની ૨૫ વર્ષની સેવા-સમર્પણની ઉજવણી, વલસાડમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

# વલસાડમાં ૧૭ સપ્ટે.થી 'સેવા સંકલ્પ અભિયાન'નો પ્રારંભ થશે



(દમણગંગા ટાઈમ્સ )

**વલસાડ, તા. ૧૩ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સેવા સંકલ્પ અભિયાન તા. ૧૭ સપ્ટેમ્બર થી શરૂ થનાર છે. જે અંતર્ગત વલસાડ કલેક્ટર કચેરી ખાતે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પત્રકારોને માહિતી આપતા નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, તા. ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બની રાજ્યનું સુકાન સંભાળ્યું હતું. સમગ્ર રાજ્યમાં સેવા સંકલ્પ અભિયાન હેઠળ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અભિયાનનો તેમના જન્મ દિને તા. ૧૭ સપ્ટેમ્બર થી વલસાડ જિલ્લામાં પ્રારંભ થશે જે એક મહિના સુધી ચાલશે અને તા. ૧૭ ઓક્ટોબરના દિવસે સમાપન થશે. આ એક માસ દરમિયાન જિલ્લામાં વિવિધ મંદિરોમાં આર્શીવાદના દિવા, બ્લડ ડોનેશન કેમ્પ, સ્વચ્છતા અભિયાન, શાળા કોલેજોમાં ચિત્રકામ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું આયોજન થશે. જેમાં તમામ નાગરિકો સહભાગી બનશે.

આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે આ કાર્યકાળ દરમિયાન કોઈ ઘર બાકી રહ્યું ન હશે કે જેમણે સરકારની યોજનાનો લાભ લીધો ન હોય. જેથી આખા માસ દરમિયાન ચાલનારા આ અભિયાનમાં મીડિયા જગતને પણ પૂરક બની સહયોગ આપવા મંત્રીએ અનુરોધ કર્યો હતો.

આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લાના ધારાસભ્યો સર્વ ભરતભાઈ પટેલ- વલસાડ, રમણલાલ પાટકર- ઉમરગામ, અરવિંદભાઈ પટેલ- ધરમપુર, જીતુભાઈ ચૌધરી- કપરાડા, જિલ્લા કલેકટર નીતિન સાંગવાન, જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા કર્મીઓ અને જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા અને સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# વાંઢાય ઈશ્વર આશ્રમમાં વાપી-વલસાડ સહિત અનેક વિસ્તારના ભકતો ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** ઓધવરામ બાપાની તપોભૂમિ એવા કચ્છના વાંઢાય સ્થિત શ્રી ઈશ્વર આશ્રમ ખાતે કચ્છ, મુંબઈ, વાપી, વલસાડ સહિત દેશના ખૂણે-ખૂણેથી મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા. ભક્તોએ આશ્રમ ખાતે દિવ્ય દર્શન કરી બાપાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ઈશ્વર આશ્રમ સેવા ટ્રસ્ટ દ્વારા આશ્રમ ખાતે બદલાયેલી વ્યવસ્થા વચ્ચે ભક્તો માટે વિવિધ સુવિધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આશ્રમની પ્રગતિ અને ભક્તોની સુવિધા માટે સદાય તત્પર રહેતા સમાજસેવકો દ્વારા આયોજનબદ્ધ રીતે કામગીરી કરવામાં આવી રહી છે. આ સેવાકાર્યમાં દરબાર, પાટીદાર, આયર, ભાનુશાળી સહિત અઢારેય વર્ણના આગેવાનો અને સેવકો ખભેખભા મિલાવીને સહયોગ આપી રહ્યા છે. આશ્રમમાં દર્શનાર્થે આવતા દરેક ભક્તને રહેવા, જમવા તેમજ ચા-પાણીની ઉત્તમ સુવિધા મળી રહે તે માટે સેવકો દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે.

ભક્તોને કોઈ અગવડ ન પડે અને સૌને ઓધવરામ બાપાની આધ્યાત્મિક ઊર્જા તથા આશીર્વાદનો લાભ મળી રહે તે માટે અશોક મંગે અવિરત મહેનત કરી રહ્યા છે. ઈશ્વર આશ્રમ સનાતની સમાજ માટે આસ્થા અને શ્રદ્ધાનું પાવન પ્રતીક બની રહ્યું છે.

આગામી સમયમાં પણ આ પાવન ધામની મુલાકાત લઈ બાપાના દર્શન અને આશીર્વાદનો લાભ લેવા માટે કલ્યાણભાઈ, અશોક મંગે તથા મહેન્દ્રભાઈ મંગે દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આહ્વાન કરવામાં આવ્યું છે.

# ધોલેરા મંદિર દ્વિશતાબ્દી મહોત્સવ રથનું સલવાવ ગુરુકુળમાં ભવ્ય સ્વાગત કરાયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે નિર્માણ કરાવેલા છ મુખ્ય મંદિરો પૈકીના એક એવા ધોલેરા મંદિરને ડિસેમ્બર માસમાં ૨૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. આ નિમિત્તે યોજાનાર દ્વિશતાબ્દી મહોત્સવનું આમંત્રણ આપવા શ્રી મદનમોહનજી મહારાજનો રથ વિવિધ સ્થળોએ પરિભ્રમણ કરી રહ્યો છે.

ધોલેરા મંદિર દ્વિશતાબ્દી મહોત્સવના આમંત્રણ અર્થે રથનું શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સલવાવ, વાપી ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુરુકુળના વિદ્યાર્થીઓ, શિક્ષકો, પૂજ્ય પુરાણી સ્વામી કેશવચરણ દાસજી, પૂજ્ય રામ સ્વામી, પૂજ્ય હરિ સ્વામી, ટ્રસ્ટી બાબુભાઈ સોડવડીયા, મનસુખભાઈ ગોંડલિયા તેમજ આચાર્યગણ દ્વારા પુષ્પવર્ષા કરી રથનું ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી મદનમોહનજી મહારાજના રથનું પૂજન તથા આરતી કરવામાં આવી તી. ત્યારબાદ વિદ્યાર્થીઓ અને સંતોની ઉપસ્થિતિમાં ગરબાની રમઝટ બોલાવી ધાર્મિક અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

ગુરુકુળ ખાતે થયેલા ભવ્ય સ્વાગતથી પધારેલા સંતો-ભક્તો અભિભૂત થયા હતા. તેમણે ધોલેરા મંદિરની દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણીમાં સૌ હરિભક્તો તથા ભાવિકોને સહભાગી થવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

# કેબીએસ કોલેજના વિદ્યાર્થીઓ કરાટે સ્પર્ધામાં ઝળકયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** અત્રે ચણોદ કોલોની સ્થિત કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે રમત ક્ષેત્રનુ પણ વિશેષ જ્ઞાન અને તાલીમ પૂરી પાડવામાં આવે છે. ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરત દ્વારા આયોજિત આંતર-કોલેજ કરાટે સ્પર્ધા (પુરુષ વિભાગ)માં સદર કોલેજના વિદ્યાર્થીઓએ મેડલ જીતીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધા દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ કૌશલ્ય, દ્રઢ નિશ્ચય અને ખેલદિલીનું પ્રદર્શન કર્યું હતું. F.Y.B.Com.ના વિદ્યાર્થી સચિન રાયે શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

F.Y.B.C.A.ના વિદ્યાર્થી કૃણાલ સુરવાડેએ સિલ્વર મેડલ મેળવ્યો હતો, જ્યારે F.Y.B.Com.ના વિદ્યાર્થી મોહમ્મદ અલી શેખે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. દરેક વિદ્યાર્થીઓને તાલીમ તેમજ માર્ગદર્શન રમત-ગમતના મદદનીસ પ્રાધ્યાપક ડૉ. મયુર પટેલ તેમજ રમતના સહાયક રોહિત સિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ અને કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણ, મેનેજમેન્ટ,અધ્યાપકો અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ તમામ મેડલ વિજેતાઓને તેમના નોંધપાત્ર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યની સ્પર્ધાઓમાં પણ તેઓ સતત સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ આપી હતી.

# મગોદડુંગરીમાં કોમ્યુનીટી હોલનું ઉદ્ઘાટન કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** ગામના લોકોની સામાજિક, સાંસ્કૃતિક અને સામુદાયિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મગોદ ડુંગરી ગામમાં નિર્માણ કરવામાં આવેલ આધુનિક કોમ્યુનિટી હોલનું આજે અતુલ કંપનીનાં ઓલ ટાઈમ ડાયરેક્ટર અને પ્રેસિડન્ટ વિવેક ગદરે દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલ કંપનીના અધિકારીઓ ગૌતમભાઈ દેસાઈ, હિતેન દેસાઈ, અજીતસિંઘ બત્રા, સુધાકર શેટ્ટી, ડોક્ટર નિયુત શાહ, આભાસ દાસ,માછી મહાજન પંચનાં પ્રમુખ ગોવિંદભાઈ ટંડેલ, ઉપ-મુખ રામુભાઈ ટંડેલ અને સુરેશભાઈ ટંડેલ,ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અતુલ કંપનીની સામાજિક ઉત્તરદાયિત્વ (CSR) અંતર્ગતની આર્થિક ભાગીદારીથી માછી મહાજન પંચ દ્વારા નિર્માણ કરવામાં આવેલ આ કોમ્યુનિટી હોલનો ઉપયોગ ગ્રામજનો વિવિધ સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક તથા જાહેર કાર્યક્રમો માટે કરી શકશે.

લગ્ન પ્રસંગો, સામાજિક બેઠકો, મહિલા અને યુવા પ્રવૃત્તિઓ, તાલીમ કાર્યક્રમો તેમજ અન્ય સામુદાયિક કાર્યક્રમો માટે આ સુવિધા ગ્રામજનો માટે ઉપયોગી સાબિત થશે.

આ પ્રસંગે માછી મહાજન પંચનાં આગેવાનોએ અતુલ ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ થવાથી ગામમાં વિવિધ સામાજિક અને જાહેર કાર્યક્રમો યોજવા માટે વધુ સારી સુવિધા મળશે.

# વલસાડના આર્ય ધોકિયાએ કૂડોમાં રાજ્ય કક્ષાએ બે ગોલ્ડ મેડલ મેળવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** સુરતના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલી ૧૪મી Open Gujarat State Kudo Tournament 2026-27માં વલસાડ જિલ્લાના પ્રતિભાશાળી ખેલાડી અને વલસાડની સરસ્વતી સ્કૂલમાં ધો. ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થી આર્ય સુનિલ ધોકિયાએ શાનદાર પ્રદર્શન કરી બે ગોલ્ડ મેડલ જીતીને વલસાડ જિલ્લાનું નામ રાજ્ય કક્ષાએ રોશન કર્યું હતું.

આર્ય એ Under-13 Boys, 42 Kg કેટેગરીમાં ભાગ લીધો હતો અને પોતાની પ્રતિભા, મહેનત તથા આત્મવિશ્વાસના જોરે શ્રેષ્ઠ પ્રદર્શન કરી બંને સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી બે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા હતા. આ સ્પર્ધાનું આયોજન GJ Kudo Sports Association – GKA દ્વારા કરવામાં આવ્યું હતું. આર્ય ધોકિયાએ કૂડોના કોચ તરુણ ઢીમ્મરના માર્ગદર્શન અને તાલીમથી આ સફળતા પ્રાપ્ત કરી હતી.



વાપી વાપીના ભૈરવધામ જૈન દેરાસર ખાતે શનિવારે ભગવાન મહાવીર સ્વામી જન્મ વાંચન મહોત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓએ જન્મ કલ્યાણકની વધામણી અને ભાવનામાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.

# સેલવાસની રાષ્ટ્રીય લોક અદાલતમાં ૩૯૫ કેસનો નિકાલ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૩ :** નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી, નવી દિલ્હી અને દાદરા નગર હવેલી સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીના નિર્દેશ મુજબ શનિવારે સવારે ૧૦ વાગ્યે સિલવાસાના ડિસ્ટ્રિક્ટ એન્ડ સિવિલ કોર્ટ પરિસરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

લોક અદાલતમાં ચેક બાઉન્સ, વ્યાપારિક વિવાદો, મોટર અકસ્માત દાવા, જમીન અધિગ્રહણ, મજૂર વિવાદો, સિવિલ કેસ, બેંક કેસ, કન્ઝ્યુમર વિવાદ અને પ્રી-લિટિગેશન મામલાઓ સહિત વિવિધ પ્રકારના કુલ ૨૨૯૬ કેસ રજૂ કરવામાં આવ્યા હતા. આમાંથી ૩૯૫ કેસોનો સૌહાર્દપૂર્વક નિકાલ કરવામાં આવ્યો. આ કેસોમાં કુલ ૨,૩૧,૧૯,૨૮૧ની રકમનો સમાધાન પુરસ્કાર આપવામાં આવ્યો.

લોક અદાલતનો હેતુ વિવાદોનું ઝડપી અને પારસ્પરિક સમાધાન કરીને લાંબા સમયથી લટકતા કેસોનો ભાર ઓછો કરવાનો અને લોકોને ત્વરિત ન્યાય પૂરો પાડવાનો હતો.

# વાપીમાં ભગવાન મહાવીર સ્વામીના જન્મવાંચનની ઉજવણી કરાઈ

### ૧૪ સ્વપ્નોની ઉછામણીનો જૈનોએ ઉત્સાહભેર લાભ લીધો : ભગવાનના જન્મની ઘોષણા થતાં જ વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩,** જૈના શાસનમાં અતિ મહત્વના ગણાતા પર્વાધિરાજ પર્યુષણ પર્વના પાંચમાં દિવસે ભગવાન મહાવીર સ્વામીના જન્મ વાંચનની વાપી શહેરના જૈન સંઘોમાં દબદબાવભેર ઉજણવી કરી હતી. પૂ.ગુરૂભગવંતે માતા ત્રિશલાદેવીને આવેલા ૧૪ સ્વપ્નનું ગુરૂભગવંતે વાંચન કર્યું હતુ.પર્વાધિરાજ પર્યુષણ પર્વના પ્રારંભ બાદ જૈન સંઘોમાં ખૂબજ ઉત્સાહભેર આરાધના ચાલી રહી છે. પર્વના પાંચમાં દિવસે ભગવાન મહાવીરના જન્મ વાંચનની વાપી શહેરમાં ટાઉન, જીઆઈડીસી સહિતના જૈન સંઘોમા ભગવાન મહાવીર સ્વામીના જન્મવાંચનનો કાર્યક્રમ શરૂ થયો હતો. જૈનોએ ૧૪ સ્વપ્નોના ચઢાવાનો ઉત્સાહભેર લાભ લીધો હતો. ગુરૂભગવંતોએ ભગવાન મહાવીર સ્વામીના જન્મ પૂર્વે માતા ત્રિશલાદેવીને રાત્રિ દરમિયાન આવેલા ૧૪ સ્વપ્નોનું વિસ્તૃતમાં વાંચન કર્યું હતું. ગુરૂભગવંતોએ પોતાના શ્રીમુખે માતા ત્રિશલાદેવી પુત્રાને જન્મ આપે છે,એમ જણાવતાં સમગ્ર જૈનો નાચી ઉઠ્યા હતા. ત્યારબાદ શ્રીફળ વધેરવામાં આવ્યા હતા અને ભગવાનનું પારણું ઝુલાવવા ભારે ભીડ જામી હતી. અને જૈન ધર્મના લોકોમાં ભારે હર્ષ ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

# દમણમાં શ્રી દમણ જિલ્લા સહકારી ભંડારે ૬૩મો સ્થાપના દિવસ ઉજવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** દમણ જિલ્લાની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા શ્રી દમણ જિલ્લા સહકારી ભંડાર લિમિટેડે ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સ્થાપનાના ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો હતો.



૯ સપ્ટેમ્બર ૧૯૬૩ના રોજ સહકારિતા મિશન હેઠળ સ્થાપિત થયેલી આ સંસ્થાના નાની દમણના વાડી ફળિયા ખાતે આવેલા મુખ્યાલય અને સેલ્સ સેન્ટરમાં ચેરમેન હિરેન જોશીની આગેવાની હેઠળ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા સ્ટાફની ઉપસ્થિતિમાં ફાઉન્ડેશન ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કેક કાપી તથા સહભોજન સાથે સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી.

ચેરમેન હિરેન જોશી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સે છેલ્લા છ દાયકાથી સંસ્થા પર વિશ્વાસ જાળવી રાખવા બદલ તમામ સભાસદો, દૂધ વેચાણ કેન્દ્રો, વેપારી સહયોગીઓ, માનદ ગ્રાહકો અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ સૌના સહિયારા પ્રયાસોથી સંસ્થાને સતત પ્રગતિના પંથે આગળ લઈ જવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સંસ્થાના વાર્ષિક ટર્નઓવરમાં પણ સતત વૃદ્ધિ જોવા મળી છે. વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૩૦.૭૧ કરોડ રહેલો ટર્નઓવર ૨૦૨૪-૨૫માં વધીને રૂ. ૪૮.૮૮ કરોડ થયો હતો. સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ચેરમેન હિરેન જોશીની આગેવાની હેઠળ વાઈસ ચેરમેન ઈશ્વરલાલ સોમલા, સેક્રેટરી વિષ્ણુ બાબુ, ડિરેક્ટર્સ ખુશમન આર. ઢીમર, ધનસુખ જી. ચાયવાલા, મનીષ બી. ભટ્ટ, દેવેન્દ્ર એસ. ધોંડે, સૂર્યકાંત જી. ભંડારી તથા કો-ઓપ ડિરેક્ટર્સ ઉમેશ જી. પાઠક અને કમલેશ મોઢાએ અંટક પારડીની આંગણવાડીમાં બાળકોને અને મોટી દમણના ઓલ્ડ એજ હોમમાં વૃદ્ધોને અમૂલ કિટનું વિતરણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે હિરેન જોશી છેલ્લા ત્રણ વર્ષથી શ્રી દમણ જિલ્લા સહકારી ભંડાર લિમિટેડના ચેરમેન તરીકે કાર્યરત છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સભાસદોના સહયોગથી સંસ્થાને સતત લાભદાયી અને મજબૂત સ્થિતિમાં આગળ લઈ જવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# વલસાડના ધારાસભ્યે કાંઠા વિસ્તારની પ્રોટેક્શન વોલ અંગે વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવ્યો

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ વિધાનસભા મતવિસ્તારના દરિયાકાંઠા તથા નદી-કાંઠાના ગામોના વિકાસ અને સુરક્ષાને લઈને વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા ગાંધીનગર ખાતે ચાલી રહેલા વિધાનસભા સત્ર દરમિયાન મહત્વપૂર્ણ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યા હતા.



કાંઠા વિસ્તાર હેઠળ આવતા દાંડી, દાંતી, કકવાડી, ભાગલ, કોસંબા, સુરવાડા તથા મગોદ-ડુંગરી વિસ્તાર સહિતના ગામોમાં દરિયાઈ ભરતી, ભારે વરસાદ અને પાણીના ધોવાણને કારણે સ્થાનિક વિસ્તારો તથા ખેતીની જમીનને થતું નુકસાન અટકાવવા માટે પ્રોટેક્શન વોલની કામગીરી અંગે ધારાસભ્યશ્રીએ સરકાર સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો હતો. ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, કાંઠા વિસ્તારના ગામોના લોકોની લાંબા સમયથી ચાલી આવતી પ્રોટેક્શન વોલની માંગને ગંભીરતાથી લઈ જરૂરી સ્થળોએ સર્વે, આયોજન અને કામગીરીને ગતિ આપવામાં આવે તે જરૂરી છે. પ્રોટેક્શન વોલનું નિર્માણ થવાથી દરિયાઈ ધોવાણ અને પાણીના પ્રવાહથી થતું નુકસાન ઘટાડી શકાય તેમજ ગ્રામજનો, ખેડૂતો અને તેમની મિલકતોની સુરક્ષા વધુ મજબૂત બની શકે છે. વલસાડ વિધાનસભાના કાંઠા વિસ્તારના ગામોના સર્વાંગી વિકાસ અને લોકોની સમસ્યાઓના કાયમી નિરાકરણ માટે ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા વિધાનસભામાં સતત રજૂઆતો કરવામાં આવી રહી છે.



# ભારત ભાગ્યવિધાતા...

**વિશ્લેષણ**
**કુન્દન વ્યાસ**

મોદી પછી કોણ ? આ પ્રશ્ન જનતાનો નથી, ભાજપ અને એનડીએનો પણ નથી. આ પ્રશ્નની ચર્ચા વિપક્ષોમાં થઈ રહી છે...! તામિલનાડુના મુખ્યપ્રધાન જોસેફ વિજયનું નામ એમના જ પક્ષના કેટલાક નેતાઓ અને પ્રધાનોએ વડાપ્રધાન પદના ઉમેદવાર નહીં, દાવેદાર તરીકે જાહેર કર્યું છે અને વિપક્ષોનું સમર્થન મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. દક્ષિણ - ભારત - વિશેષ કરીને તામિલનાડુના કોંગ્રેસ નેતાઓએ જોસેફ વિજયનું નામ ઊગે - ઊપડે તે પહેલાં જ ડામી દેવાના પ્રયાસ કર્યા છે. રાહુલ ગાંધીનું નામ નિશ્ચિત હોવાની જાહેરાત કરી છે ! તામિલનાડુ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ મણિક્કમ ટાગોરે કહ્યું છે કે ૨૦૨૯ની ચૂંટણીમાં રાહુલ ગાંધીનાં નામે જ કોંગ્રેસ લડશે. વડાપ્રધાનપદ માટે અમારા ઉમેદવાર રાહુલ ગાંધી જ છે. ટીવીકે સરકારના પ્રધાનો અને નેતાઓને યાદ અપાવી છે કે જોસેફે રાહુલ ગાંધીનો સંપર્ક સાધીને ટેકો મેળવ્યો ત્યારે સરકાર બની છે.

કોંગ્રેસે સૌથી પહેલાં ટેકો જાહેર કર્યો છે તે ભૂલશો નહીં ! આ શબ્દોમાં ગર્ભિત ચેતવણી છે કે અમારા વિના સરકાર નહીં ટકે ! આ વિવાદ બંધ કરવાની સલાહ સીપીએમના નેતા જનરલ સેક્રેટરી એમએ બેબીએ પણ આપી છે. જો કે, એમણે કહ્યું છે કે, ઈન્ડિયા બ્લોકમાં આ બાબત કોઈ ચર્ચા થઈ નથી અને નિર્ણય લેવાયો નથી. કોંગ્રેસે આ વિષયમાં અત્યારે કોઈ ઉમેદવારનું નામ જાહેર કરવાની જરૂર નથી. આ ચર્ચા કસમયની અને બિનજરૂરી છે. માર્ક્સવાદી નેતાની વાત બરાબર છે. વડાપ્રધાન કોણ બનશે ? રાહુલ ગાંધી જ દાવેદાર છે એમ કહી શકાય નહીં. રાહુલ ગાંધીની દાવેદારી તો દાયકાઓથી છે. યુપીએ સરકાર અને વડાપ્રધાન ડો. મનમોહન સિંઘ હતાં.

ત્યારે પણ એમની નિવૃત્તિ અને રાહુલ ગાંધી વડાપ્રધાનપદે આવે એવી માગણી અને ચર્ચા હતી. કેન્દ્રમાં સત્તા ગુમાવ્યા પછી કોંગ્રેસમાં રાહુલ ગાંધી એકમાત્ર નેતા અને દાવેદાર છે. આક્રમક છતાં નિષ્ફળ રહ્યા છે. અત્યારના સંજોગોમાં રાહુલ ગાંધી એકમાત્ર વિપક્ષી નેતા તરીકે પ્રોજેક્ટ થયા છે. ઈન્ડિ મોરચામાં - અથવા તેની બહાર પણ કોઈ પ્રાદેશિક નેતા રાષ્ટ્રીય નેતા બની શક્યા નથી, પરિણામે આજના સંજોગોમાં એમ રાહુલ ગાંધીનો વિકલ્પ નથી અને રાહુલ ગાંધી મોદીનો વિકલ્પ બની શકે એમ નથી ! પ્રશ્ન એ છે કે અત્યારે જોસેફ વિજયનું નામ કેવી રીતે આવ્યું ઈન્ડિયા ટુડે દ્વારા લોકમત - જનતાનો અભિપ્રાય જાણવા માટે વૈજ્ઞાનિક રીતે સર્વેક્ષણ થયું તેમાં અત્યારે લોકસભાની ચૂંટણી થાય તો એનડીએને બહુમતી મળવાનું તારણ છે. વડાપ્રધાનપદ માટે નરેન્દ્ર મોદીની તરફેણમાં ૪૮.૭ ટકા મત છે. રાહુલ ગાંધી માટે ૨૭.૧ ટકા છે. આ તફાવત બાવીસ - ત્રેવીસ ટકા જેટલો છે, જોસેફ વિજયના ૯.૨ ટકા છે. અખિલેશ યાદવ અને કેજરીવાલના માંડ એક - દોઢ ટકા છે ! અલબત્ત, ચૂંટણી જાહેર થાય ત્યાં સુધીમાં લોકપ્રિયતા - લોકપસંદગીમાં ફેરફાર થઈ શકે છે, પણ અત્યારે સંજોગો આવા છે. આ સર્વેક્ષણમાં રસપ્રદ તારણો છે. અત્યાર સુધીના વડાપ્રધાનોમાં શ્રેષ્ઠ કોણ ? તો મોદીને ૪૧ ટકા, ઈન્દિરાજીને ૧૨ ટકા, વાજપેયીજીના ૧૫ ટકા, ડો. મનમોહન સિંઘના ૧૪ ટકા છે. અત્યારની લોકપ્રિયતામાં જોસેફ વિજયને ૯.૨ ટકા મળ્યા તે આશ્ચર્યજનક છે, પણ વડાપ્રધાનપદની રેસ - સ્પર્ધામાં ગણના કેવી રીતે થાય ? નરેન્દ્ર મોદી તથા એમની સરકારે સ્થિર સરકાર આપી છે, પણ જેન - ઝી પરિવર્તન ઝંખે છે અને તેમાં અરવિંદ કેજરીવાલ જેવા નેતાના હાથા બન્યા છે. રાહુલ ગાંધીએ આંદોલનનું અપહરણ કર્યું, તેથી આંદોલનની વિશ્વસનીયતા અને નિષ્ઠા સામે સવાલ ઊઠયા છે. આ સંજોગો અને યુવાવર્ગનો મિજાજ પારખીને મોદી સાવધાન છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો સંપર્કસેતુ વધારી રહ્યા છે અને શિક્ષણનીતિમાં સુધારા - વધારા કરવાનું વચન આપ્યું છે. અલબત્ત, આ ક્ષેત્રમાં સરકાર મોડી જાગી છે. અત્યારે ઉચ્ચ શિક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત છે, પ્રાથમિક અને માધ્યમિક - પાયાનું શિક્ષણ અંગ્રેજી - હિન્દી અને પ્રાદેશિક ભાષાનાં પ્રભુત્વના વિવાદમાં ફસાયું છે. શિક્ષણના હબ - કેન્દ્ર હોય ત્યાં હોસ્ટેલની વ્યવસ્થા નથી, પરિણામે ખાનગી પેઈંગ ગેસ્ટની વ્યવસ્થા વિસ્તરી છે. સ્થાનિક રહેવાસીઓને આર્થિક રાહત મળે, પણ વિદ્યાર્થીઓ બેહાલ થાય છે અને હોનારતના ભોગ બને છે. મોદી સરકારે સર્વપ્રથમ આવાં શહેરોમાં હોસ્ટેલો બાંધવાની શરૂઆત યુદ્ધધોરણે કરવી જોઈએ. આ પાયાની જરૂરિયાત છે. રોજગારી - બેકારીની સમસ્યા ગંભીર છે.

વડાપ્રધાન મોદીએ કૌશલ્ય - સ્કિલ તાલીમ ઉપર ભાર મૂકવાની હિમાયત કરી છે. વિશ્વમાં આજે સ્નાતકો કરતાં આવા કાર્યકુશળ લોકોની જરૂર છે.

આ દિશામાં ઝડપી કામગીરી થવી જોઈએ. હવામાન - પ્રદૂષણ, દવા - ઔષધો, રહેઠાણ - આવાસો કંપની કાયદા, તબીબી વ્યવસ્થા, નાના - મધ્યમ ઉદ્યોગો - સહિત ઘણાં ક્ષેત્રોમાં સુધારા થયા છે. બ્રિટિશ જમાનાના કાયદા રદબાતલ થયા છે. જીવન તથા વ્યાપાર ઉદ્યોગ સરળ બનાવવાનાં પગલાં લીધાં છે, પણ તેનો અમલ સરળ નથી. હકીકતમાં લોકો માટે અડચણ - અવરોધ વધ્યા છે. ભ્રષ્ટાચારમાં શાસક પક્ષોના નેતાઓ પકડાયા નથી, તેનો અર્થ ભ્રષ્ટાચાર નાબૂદી નથી. વિરોધ પક્ષોના નેતાઓ પકડાયા છે તો શાસક નેતાઓ ઉપર પણ નજર રાખવી જરૂરી છે. પ્રધાનો ભલે 'શુદ્ધ' હોય, પણ શાસનમાં 'ભાવ' વધી ગયા છે ભોગવે છે જનતા. પરિણામે લોકોની હાડમારી વધી છે. ભાવવધારો સરકારી આંકડા મુજબ અંકુશમાં છે, પણ વ્યવહારમાં નિરંકુશ છે. હવે કામદાર વર્ગનો અવાજ ઊઠી રહ્યો છે. લાલ વાવટા પાછા દેખાઈ રહ્યા છે. અર્થતંત્ર વધુ સજાગ બનવું જોઈએ. સંરક્ષણ ક્ષેત્ર મજબૂત છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં ભારતના 'ભાવ' બોલાય છે. હવે 'બ્રિક્સ' શિખર પરિષદમાં રશિયા - ચીનની સક્રિય હાજરી અને ભારત સાથેના વ્યાપાર - સંરક્ષણ સહયોગ નોંધપાત્ર છે. મોદી સરકારે હંમેશાં આપત્તિને અવસર ગણીને ઉત્સવ ઊજવ્યા છે તેથી લોકોનો સહકાર અને આવકાર મળ્યો છે. લોકતંત્રમાં વિપક્ષ અનિવાર્ય છે. વિપક્ષની હાજરી સિવાય લોકતંત્ર શક્ય જ નથી, પણ વિપક્ષ જવાબદાર હોવા જોઈએ.

રાષ્ટ્રકારણને રાજકારણથી મુક્ત રાખવું જોઈએ. આપણા વિપક્ષો માત્ર વિરોધ પક્ષો બની ગયા છે તેથી પ્રતિષ્ઠા ગુમાવી છે, જનતાનો વિશ્વાસ પણ ગુમાવ્યો છે. મોદી સરકાર - હકીકતમાં નરેન્દ્ર મોદીને હઠાવવાના -યાસ દેશમાં અને વિદેશમાં પણ થયા છે, થઈ રહ્યા છે. દુનિયામાં કોઈ શાસક - નેતાએ નહીં સાંભળી હોય તેવી ગલીચ - ગાળ, અપશબ્દો - મોદીએ સાંભળ્યા છે. આ એમની સહનશક્તિ છે` વિરોધીઓનાં માનસ સમજવાની સમજશક્તિ છે. ભૂતકાળના વડા-ધાનોના ભ્રષ્ટાચાર - માનસિક - શારીરિક અને શાસકીય - જાણવા હોય તો ઈતિહાસ વાંચવા જોઈએ. મોદીની સિદ્ધિ - સફળતાના સાક્ષી સમસ્ત દેશવાસીઓ છે. મોદી સાચું કહે છે કે ભારતની સિદ્ધિ - સફળતા આપણા વિરોધ પક્ષો સાંખી શકતા નથી, પચાવી શકતા નથી. ભાજપનો વિરોધ કરવામાં ભાન ભૂલીને ભારતનું અહિત કરી રહ્યા છે. નરેન્દ્ર મોદી કહે છે ૧૪૦ કરોડ દેશવાસીઓ - માતાઓ - બહેનોનું સુરક્ષાકવચ મળ્યું છે તેથી તમામ -હારો નિષ્ફળ જાય છે. ટીકા કરવી અને વિરોધ કરવો - આ બન્ને અગલ છે.

ટીકા રચનાત્મક હોવી જોઈએ અને વિરોધ માત્ર નકારાત્મક હોય છે. લોકતંત્રની સફળતા માટે વિપક્ષોએ જાગૃત રહેવું જોઈએ, સક્રિય સચિંત રહેવું જોઈએ, પણ સત્તા માટે રાષ્ટ્રહિત જોખમમાં મુકાય નહીં. પણ, આપણા વિપક્ષો કુ-ચારથી લોકોને ગેરરસ્તે દોરવાના -યાસ કરે છે !

ભારતનો રાજકીય ઈતિહાસ - ભૂતકાળ જોનારા, જાણનારા લોકોને ભારતનાં ઉજજવળ ભવિષ્યમાં વિશ્વાસ છે, તેથી મોદી મેજિક યથાવત્ છે અને મોદી ભારત ભાગ્યવિધાતા છે...

## મેન્સ ગ્રેસફુલ એજિંગ

# જિંદગીની નવી ઈનિંગ વિશે વિચાર કર્યો છે ખરા ?

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

જિંદગીની ભાગદોડમાં જ્યારે ચાળીસી વટાવ્યા પછી પચાસીનો પડાવ નજીક આવવા લાગે છે, ત્યારે મોટાભાગના પુરુષોના મનમાં એક અજાણ્યો ભય અને ખાલીપો જગ્યા કરવા લાગે છે. વાળમાં ચાંદી જેવી સફેદાઈ, આંખોના ખૂણે ઊભરેલી કરચલીઓ અને સવારે ઊઠતી વખતે શરીરમાં અનુભવાતો સામાન્ય દુઃખાવો માત્ર ઉંમર વધવાનો સંકેત નથી હોતા, પણ એ એ વાતની યાદ અપાવે છે કે સમય ઝડપથી સરકી રહ્યો છે. દાયકાઓ સુધી પરિવારની જવાબદારીઓ, નાણાકીય સ્થિરતા, કારકિર્દીના લક્ષ્યો અને સામાજિક પ્રતિષ્ઠા પાછળ દોડતો પુરુષ અચાનક એક એવા મોડ પર આવીને ઊભો રહી જાય છે જ્યાં તેને લાગે છે કે તેનો મુખ્ય રોલ હવે પૂરો થવા આવ્યો છે. પરંતુ વાસ્તવમાં, યોગ્ય દ્રષ્ટિકોણ કેળવવામાં આવે તો ૪૦ કે ૫૦ પછીનો સમયગાળો એ જિંદગીનો અંત નથી, પણ પોતાની શરતો પર જીવવાની એક સુંદર સેકન્ડ ઈનિંગ્સની શરૂઆત છે. ઉંમરના આ તબક્કે પુરુષોમાં આવતા પરિવર્તનો માત્ર શારીરિક નથી હોતા, પરંતુ ઊંડા માનસિક અને મનોવૈજ્ઞાનિક પણ હોય છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં એન્ડ્રોપોઝ અથવા મિડ-લાઈફ ક્રાઈસિસ કહેવામાં આવે છે, તે સમયગાળામાં ટેસ્ટોસ્ટેરોન હોર્મોનનું સ્તર ઘટવાને કારણે ઉત્સાહમાં કમી, થાક, સ્વભાવમાં ચીડચીડાપણું અને અકારણ એન્ઝાયટી જેવા ફેરફારો જોવા મળે છે. જે પુરુષ અત્યાર સુધી પરિવારનો મજબૂત સ્તંભ રહ્યો હોય, તે અચાનક પોતાની જ અંદર એક પ્રકારની અસુરક્ષા અનુભવવા લાગે છે. બાળકો પોતાના ભવિષ્યની દિશામાં આગળ વધી રહ્યા હોય અને કોર્પોરેટ કે વ્યાવસાયિક જગતમાં નવી પેઢી સ્થાન લઈ રહી હોય, ત્યારે પુરુષને પોતાનું મહત્વ ઓછું થઈ રહ્યું હોવાનો ભ્રમ થાય છે. આ માનસિક તણાવ ઘણીવાર તેને એકલતા તરફ ધકેલે છે.

આ સંવેદનશીલ તબક્કાને પાર કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે સ્વીકાર અને આત્મ - સંવાદ. ગ્રેસફુલ એજિંગ એટલે કે સન્માનપૂર્વક ઉંમરને સ્વીકારવી એ કોઈ હાર માનવાની પ્રક્રિયા નથી, પરંતુ પોતાના અનુભવોની પરિપક્વતાને માણવાનો ઉત્સવ છે. પુરુષોએ એ વાત સમજવી જરૂરી છે કે યુવાનીનો જોશ અને પચાસીનો હોશ - આ બંનેની પોતાની અલગ સુંદરતા છે. ઉંમર વધવાની સાથે શરીરની મર્યાદાઓ બદલાય છે, અને તેને સ્વીકારીને પોતાની લાઈફસ્ટાઈલમાં સકારાત્મક ફેરફારો કરવા એ જ ખરી સમજદારી છે. સેકન્ડ ઈનિંગ્સને સમૃદ્ધ બનાવવા માટે શારીરિક સ્વાસ્થ્ય પહેલી શરત છે. ચાળીસી કે પચાસી પછી કસરત એ માત્ર વજન ઘટાડવા કે મસલ્સ બનાવવા માટે નથી હોતી, પરંતુ હાડકાંની મજબૂતી, હૃદયની કાર્યક્ષમતા અને માનસિક તાજગી માટે અનિવાર્ય બની જાય છે. રોજિંદો વોક, યોગ, પ્રાણાયામ અને સંતુલિત આહાર પુરુષને ઊર્જાવાન રાખવામાં મદદ કરે છે. તેની સાથે જ, નિયમિત હેલ્થ ચેકઅપ કરાવવાની આદત કેળવવી જોઈએ જેથી વધતી ઉંમર સાથે આવતી સ્વાસ્થ્ય સમસ્યાઓને સમયસર નિયંત્રિત કરી શકાય.

શરીરની સાથે મનનું સક્રિય રહેવું પણ એટલું જ જરૂરી છે. જીવનના પૂર્વાર્ધમાં જે સપનાઓ, શોખ કે પેશન્સ કામ અને જવાબદારીઓના બોજ નીચે દબાઈ ગયા હતા, તેમને પુનર્જીવિત કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. વાંચન, લેખન, સંગીત, ફોટોગ્રાફી, બાગાયત કે પછી પ્રકૃતિના ખોળે મુસાફરી - આ બધું જ મનને એક નવો ઉત્સાહ પૂરો પાડે છે. સામાજિક કાર્યો કે કમ્યુનિટી સર્વિસમાં જોડાઈને પોતાના જ્ઞાન અને અનુભવનો સમાજ માટે ઉપયોગ કરવો એ પણ એક અદ્ભુત આત્મસંતોષ આપે છે. જ્યારે પુરુષ કોઈ નવા લક્ષ્ય સાથે જોડાય છે, ત્યારે નિવૃત્તિનો ભય આપોઆપ ગાયબ થઈ જાય છે. કૌટુંબિક અને સામાજિક સંબંધોના સંદર્ભમાં પણ આ તબક્કો પુનઃમૂલ્યાંકનનો છે. વર્ષોની દોડધામમાં જે સંબંધોને પૂરતો સમય નહોતો આપી શકાયો, તેમને ફરીથી તાજા કરવાનો આ મોકો છે. જીવનસાથી સાથેનો સંબંધ હવે માત્ર જવાબદારીઓ નિભાવવાનો નથી રહેતો, પણ એકબીજાના સહારા અને સાચા મિત્ર બનવાનો બની જાય છે. સંતાનો સાથે મિત્રતાભર્યો વ્યવહાર રાખવો અને તેમના નિર્ણયોમાં માર્ગદર્શક બનવું, પણ તેમના પર પોતાના વિચારો ન થોપવા, એ આ ઉંમરની પરિપક્વતા દર્શાવે છે. પોતાના જૂના મિત્રો સાથે ફરી સંપર્ક સ્થાપવો અને અનૌપચારિક ગપશપ માટે સમય ફાળવવો એ માનસિક સ્વાસ્થ્ય માટે ટૉનિક સમાન સાબિત થાય છે.

છેવટે, ગ્રેસફુલ એજિંગ એ બહારથી સુંદર દેખાવાની કળા નથી, પરંતુ અંદરથી શાંત અને સંતોષી રહેવાની માનસિકતા છે. ઉંમરનો દરેક આંકડો પોતાની સાથે અનુભવનું ભાથું લઈને આવે છે. પચાસી કે સાઠીનો પુરુષ જો પોતાના અનુભવને બોજ માનવાને બદલે સંપત્તિ માને, તો તે પોતાના પરિવાર અને સમાજ માટે પ્રેરણાસ્રોત બની શકે છે. જિંદગીના આ બીજા અધ્યાયને ભય કે અસુરક્ષાથી નહીં, પણ આત્મવિશ્વાસ, ગંભીરતા અને હળવાશથી જીવવો જોઈએ. જ્યારે તમે ઉંમરને એક સત્ય તરીકે સ્વીકારીને દરેક ક્ષણને માણવાનું શરૂ કરો છો, ત્યારે વધતી ઉંમર તમને વૃદ્ધ નથી બનાવતી, પરંતુ વધુ સમૃદ્ધ બનાવે છે.

# શ્રી ગણેશ ચતુર્થીનું મહત્ત્વ



● શ્રી ગણેશ ચતુર્થીનું મહત્ત્વ - વિનાશકારક, તમ-ધાન યમલહેરો પૃથ્વી પર અષાઢ પૂર્ણિમાથી કારતક પૂર્ણિમા આ ૧૨૦ દિવસોમાં વધારે પ્રમાણમાં આવે છે. આ સમયમાં તેમની તીવ્રતા વધારે હોય છે. તે તીવ્રતાના સમયમાં, એટલે ભાદરવો સુદ પક્ષ ચોથથી અનંત ચૌદશ સુધી, ગણેશલહેરો પૃથ્વી પર વધારે પ્રમાણમાં આવતી હોવાથી યમલહેરોની તીવ્રતા ન્યૂન થવામાં સહાયતા થાય છે. ગણપતિનાં સ્પંદનો અને પૃથ્વીના ચતુર્થી તિથિનાં સ્પંદનો એકસરખા હોવાથી તે એકમેકને અનુકૂળ હોય છે. એટલે જ તે તિથિએ ગણપતિનાં સ્પંદનો વધારે પ્રમાણમાં પૃથ્વી પર આવી શકે છે. પ્રત્યેક માસની ચતુર્થીના દિવસે ગણેશતત્ત્વ હંમેશની તુલનામાં પૃથ્વી પર ૧૦૦ ગણું કાર્યરત હોય છે. આ તિથિએ કરેલી શ્રી ગણેશની ઉપાસનાથી ગણેશતત્ત્વનો વધારે લાભ થાય છે. ચતુર્થી એટલે જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિના પેલેપારની તુરીયાવસ્થા. તે જ સાધકનું સાધ્ય હોય છે. 'અગ્નિપુરાણ' નામક ગ્રંથમાં ભોગ અને મોક્ષની પ્રાપ્તિ માટે ચતુર્થીનું વ્રત કરવા માટે કહ્યું છે.

શ્રી ગણેશોત્સવના દિવસોમાં ગણેશતત્વ સામાન્ય કરતા પૃથ્વી પર ૧૦૦૦ ગણો વધારે કાર્યરત રહે છે. આ સમયગાળામાં ગણેશતત્વનો વધુથી વધુ લાભ લેવા માટે 'ૐ ગઁ ગણપતયે નમઃ' આ મંત્ર જેટલું શક્ય હોય તેટલું જપ કરી શકીએ છીએ.

● ચતુર્થી કુટુંબમાં કોણે કરવી ? - શ્રી ગણેશ ચોથને દિવસે આચરવામાં આવનારું વ્રત 'સિદ્ધિવિનાયક વ્રત' આ નામથી ઓળખાય છે. વાસ્તવમાં આ વ્રત બધાં કુટુંબોમાં થવું આવશ્યક છે. જો બધા ભાઈ સાથે રહેતા હોય એટલે જ તેમનો દ્રવ્યકોશ (ખજાનો) અને પાકનિષ્પત્તિ (ચૂલો) સાથે હોય, તો બધા મળીને એકજ મૂર્તિ પૂજે તો પણ ચાલે; પણ જે સમયે દ્રવ્યકોશ અને પાકનિષ્પત્તિ કોઈપણ કારણસર વિભક્ત હોય, જે ભાઈમાં ગણપતિ વિશે વધારે ભક્તિભાવ હોય, તેના જ ઘરે ગણપતિની સ્થાપના કરવી યોગ્ય છે.

● શ્રી ગણેશ ચતુર્થીના દિવસે પૂજવાની મૂર્તિ કેવી હોવી જોઈએ?

આજકાલ ધર્મશાસ્ત્રનો વિચાર કર્યા સિવાય પોતપોતાની પસંદગી અને કલ્પનાસૌંદર્ય પર ભાર મૂકીને વિવિધ આકારોમાં અને રૂપોમાં (ઉદા. ગરૂડ પર આરૂઢ ગણેશ, શ્રીકૃષ્ણના પહેરાવમાં ગણેશ તેમજ નર્તન કરનારા ગણેશ) શ્રી ગણેશની મૂર્તિઓ પૂજવામાં આવે છે. શ્રી ગણેશ ચતુર્થી સમયે ઘરોઘરમાંથી અને સાર્વજનિક રીતે ઘણા મોટા પ્રમાણમાં ગણેશમૂર્તિઓનું પૂજન કરવામાં આવે છે. આ સમયે મૂર્તિ વિશેની આ અયોગ્યતા ચોખ્ખી રીતે જણાય છે; તેથી ગણેશમૂર્તિ શાસ્ત્ર અનુસાર કેવી હોવી જોઈએ, તે આગળ આપ્યું છે.

અધ્યાત્મશાસ્ત્ર અનુસાર શ્રી ગણેશમૂર્તિ ખડી માટી અથવા ચીકણી માટીથી બનાવેલી હોવી જોઈએ; કારણ કે, આવી મૂર્તિમાં વધારેમાં વધારે પ્રમાણમાં ગણેશતત્વ આકર્ષિત થાય છે અને તેનો પૂજકને લાભ મળે છે. અન્ય વસ્તુઓંથી (ઉદા. પ્લાસ્ટર ઑ પૅરીસ, કાગળનો માવો) મૂર્તિ બનાવવી, આ ધર્મશાસ્ત્ર વિરોધી છે ! પ્રતિવર્ષ મોટી મૂર્તિ લાવવાનો પ્રઘાત ભલે હોય, તો પણ દુકાળજન્ય પરિસ્થિતિમાં વિસર્જન માટે સુસંગત થાય, તેવી નાની (૬-૭ ઈંચ ઊંચાઈ ધરાવતી) મૂર્તિની પૂજા કરવી.

ઘરે પૂજવામાં આવતી મૂર્તિની ઊંચાઈ વધારેમાં વધારે ૧ થી દોઢ ફૂટ જેટલી હોવી જોઈએ. એનું કારણ એ કે આ ઊંચાઈની મૂર્તિને ઉપાસના કરતી વેળાએ તેને અનુકૂળતાથી સાચવી શકાય છે તેમજ વિસર્જન સમયે પણ મૂર્તિભંગ થવાનો ભય રહેતો નથી.

મૂર્તિ પાટલા પર બેઠેલી, બને ત્યાં સુધી ડાબા સૂંઢની અને નૈસર્ગિક રંગોથી રંગાવેલી હોવી જોઈએ ! 'સનાતન' એ શ્રી ગણેશમૂર્તિ બનાવી છે, એ ૨૮.૩ ટકા ગણેશતત્વ ગ્રહણ કરે છે.

● ચંદ્રદર્શન નિષેધ : આ દિવસે ચંદ્ર જોવાય નહીં, કારણકે ચંદ્ર મનનો કારક છે, એટલે મનને કાર્ય કરવા પ્રવૃત્ત કરે છે. સાધકને તો મનનો લય કરવાનો હોય છે. ગ્રહમાળામાં ચંદ્ર ચંચળ છે, એટલે તેના આકારમાં વધ ઘટ થાય છે, તે જ રીતે શરીરમાં મન ચંચળ છે. ચંદ્રદર્શનથી મનની ચંચળતા એક લક્ષાંશ જેટલી વધે છે. આ મન જ્યારે ઉન્મન થાય છે, ત્યારે જ તુરીયાવસ્થા પ્રાપ્ત થાય છે. સંકષ્ટીએ સમગ્ર દિવસ સાધના કરીને રાત્રે ચંદ્રદર્શન કરાય છે. આ એક રીતે સાધનાકાળ પૂરો થવાનો, મનોવ્યાપાર હંમેશ પ્રમાણે ચાલુ કરવાનો દર્શક છે.

● શાસ્ત્રોક્ત વિધિ તથા રિવાજનો સમયગાળો - ભાદરવા સુદ પક્ષ ચોથના દિવસે માટીના ગણપતિ બનાવાય છે. તે ડાબા હાથ પર મૂકીને ત્યાં જ તેની 'સિદ્ધિવિનાયક' આ નામથી પ્રાણપ્રતિષ્ઠા અને પૂજા કરીને તરત જ વિસર્જન કરવું, એવો શાસ્ત્રવિધિ છે; તો તે તેમ કરી શકે છે. એ માટે અધિકારી વ્યક્તિને પૂછવાની આવશ્યકતા નથી. રિવાજ પ્રમાણે પહેલાં, બીજા, ત્રીજા, છઠા, સાતમા અથવા દસમા દિવસે શ્રી ગણેશ વિસર્જન કરવું.

**સંદર્ભ :** સનાતન સંસ્થાનો ગ્રંથ 'શ્રી ગણપતિ'

# શિક્ષકોનું સન્માન માત્ર ભેટસોગાદો કે શબ્દોથી નહીં પરંતુ...

**શૈક્ષણિક વ્યવસ્થા આધુનિક બની હોય, શિક્ષણનાં સાધનોમાં ક્રાંતિ આવી હોય, ચોક અને ડસ્ટરના સ્થાને સ્માર્ટ બોર્ડ, ઑનલાઈન શિક્ષણે લીધી હોય, લાગણીનું સ્થાન કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) લીધું હોય અને ભલે ડિજિટલ સાધનો શિક્ષણનો ભાગ બન્યા હોય છતાં શિક્ષકનું સ્થાન અવિચલ છે, કારણ કે ટેકનોલોજી માહિતી આપી શકે છે, પરંતુ મૂલ્યો અને માનવતા માત્ર શિક્ષક જ આપી શકે છે.**




**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**શિક્ષકઃ સમાજસ્ય દીપઃ**
**જ્ઞાનપ્રદાયકઃ ।**
**શિષ્યાણાં જીવનપથે**
**માર્ગદર્શક ઉચ્યતે ॥**

અર્થાત્ શિક્ષક સમાજનો દીપક છે, જે જ્ઞાન આપે છે અને વિદ્યાર્થીઓના જીવનમાર્ગના માર્ગદર્શક બને છે.

'ભારત' શબ્દનો અર્થ 'ભા' - 'જ્ઞાન કે પ્રકાશ' 'રત' - 'મગ્ન'. જે પ્રદેશ જ્ઞાનમાં મગ્ન કે રત છે તે 'ભારત'. પ્રાચીનકાળથી જ જ્ઞાનદાતા શિક્ષકનું મહત્વ ભારતમાં રહ્યું છે. રામ માટે વશિષ્ઠ અને વિશ્વામિત્ર, શ્રીકૃષ્ણ માટે સાંદિપની, ચંદ્રગુપ્ત માટે ચાણક્ય હંમેશા પૂજનીય-વંદનીય રહ્યા છે. જ્ઞાન અને સમજ અને ચિંતનની એ જ પરંપરાને આધુનિક ભારતમાં વિસ્તારીત કરનારા તત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ (૫ સપ્ટેમ્બર)ને ૧૯૬૨થી ભારતમાં શિક્ષક દિવસની પરંપરા શરૂ થઈ.

આ દિવસ શિક્ષકનાં જ્ઞાન, સમર્પણ અને સમાજ નિર્માણમાં તેમનાં યોગદાનને યાદ કરવાનો છે. આથી સમગ્ર ભારતમાં આ દિવસે શિક્ષકોનું વિશેષ સન્માન થાય છે. શાળાઓમાં પણ શિક્ષક દિવસની ઉત્સાહથી ઉજવણી થાય છે. પરંતુ આજના સમયમાં શિક્ષક દિવસની ઉજવણી વચ્ચે એક પ્રશ્ન સતત ઉદ્ભવે છે કે શું શિક્ષકનું ગૌરવ અને સ્થાન ખરેખર આજે પણ એવું જ જળવાયું છે? કે પછી શિક્ષણ સિવાયની અનેક કામગીરીના બોજા હેઠળ શિક્ષક દીન બનતો જઈ રહ્યો છે? રાજાને પણ પોતાના રાજ ચિહ્નો બાજુએ મૂકીને તપોવન (શૈક્ષણિક સંકુલ)માં પ્રવેશવું પડતું એવા આ પ્રાચીન ભારતમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ હતું. ગુરુ માત્ર વિષયજ્ઞાન જ આપતા નહોતા, પરંતુ જીવનનું ઘડતર કરતા હતા. તપોવનમાં શિક્ષણ એ જીવન સાથે જોડાયેલી પ્રક્રિયા હતી. શિક્ષકનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓનું સર્વાંગીણ ઘડતર કરવાનું જ હતું. જોકે ત્યારે શિક્ષણ સ્વતંત્ર હતું. હવે આપણે અર્વાચીન કાળમાં છીએ જ્યાં શિક્ષકની ભૂમિકા વિસ્તૃત બની છે. એટલે આજે શિક્ષક 'સહસ્રહસ્ત' અને 'સહસ્રશીર્ષ' થયો છે. શિક્ષકને શિક્ષણ ઉપરાંત ચૂંટણીની કામગીરી, મતદાર યાદી સુધારણા, વસ્તી ગણતરી, વિવિધ સરકારી સર્વેક્ષણો, આરોગ્ય અભિયાનો, પોષણ અભિયાન, શિષ્યવૃત્તિની કામગીરી, ડેટા એન્ટ્રી, પોર્ટલ અપડેટ, વિવિધ પ્રકારના અહેવાલો અને અનેક વહીવટી જવાબદારીઓ નિભાવવી પડે છે. જોકે, આજનો શિક્ષક આ બધી જ કામગીરી ખૂબ જ દક્ષતાથી કરી રહ્યો છે પણ ક્યારેક આ સહસ્રહસ્ત કે સહસ્રશીર્ષ થવાને કારણે શિક્ષકનો મહત્વના સમય અને શક્તિ વિદ્યાર્થીઓનાં સર્વાંગીણ વિકાસને બદલે કાગળો અને કમ્પ્યુટર સ્ક્રીન પાછળ ખર્ચાઈ રહ્યા છે. આધુનિકતા અને ટેકનોલોજી શિક્ષણ અને માનવજીવનને વધુ વેગવાન અને સહજ બનાવે છે. આ ટેકનોલોજી શિક્ષણની સાથે સમાજનાં સર્વ ક્ષેત્રોમાં પ્રવેશી છે, શિક્ષક સમાજનો હિસ્સો જ છે તેથી સમાજ અને સરકારની વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી થવા શિક્ષક પ્રતિબદ્ધ છે જ, પરંતુ આ પરિસ્થિતિમાં સૌથી મોટી મૂંઝવણ એ થાય છે કે શિક્ષકનું મૂળ કાર્ય શું છે? જો શિક્ષકનો મોટાભાગનો સમય શિક્ષણ સિવાયની કામગીરીમાં જતો રહે, તો શિક્ષણની ગુણવત્તા પર અસર થવી સ્વાભાવિક છે ને !! શિક્ષક વર્ગખંડમાં જ્ઞાનનો દીવો પ્રગટાવે છે, પરંતુ જ્યારે તેને સતત બિનશૈક્ષણિક કાર્યોમાં વ્યસ્ત રહેવું પડે તો સમાજમાં જ્ઞાનદીપ પ્રગટાવનાર શિક્ષક કેવી રીતે સમજ અને ચિંતન નો પ્રકાશ ફેલાવી શકે અને વિદ્યાર્થીઓનાં જીવનને માર્ગદર્શિત કરી શકે? કોઈપણ દેશની પ્રગતિ તેના શિક્ષકોની ગુણવત્તા અને કાર્યક્ષમતા પર આધારિત હોય છે. જો શિક્ષકને તેના મુખ્ય કાર્યથી વિમુખ કરવામાં આવશે તો તેની સીધી અસર આવનારી પેઢી પર પડશે. કારણ કે શિક્ષક એ રાષ્ટ્રના ભાવિનું નિર્માણ કરનાર શિલ્પી છે. તેથી શિક્ષકને માત્ર સરકારી તંત્રનો એક કર્મચારી જ ન ગણવો જોઈએ. કારણ કે ભલે સમય બદલાયો હોય, શૈક્ષણિક વ્યવસ્થા આધુનિક બની હોય, શિક્ષણનાં સાધનોમાં ક્રાંતિ આવી હોય, ચોક અને ડસ્ટરના સ્થાને સ્માર્ટ બોર્ડ, ઑનલાઈન શિક્ષણે લીધી હોય, લાગણીનું સ્થાન કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) લીધું હોય અને ભલે ડિજિટલ સાધનો શિક્ષણનો ભાગ બન્યા હોય છતાં શિક્ષકનું સ્થાન અવિચલ છે, કારણ કે ટેકનોલોજી માહિતી આપી શકે છે, પરંતુ મૂલ્યો અને માનવતા માત્ર શિક્ષક જ આપી શકે છે.

શિક્ષક સાચે જ સહસ્રશીર્ષ છે એટલે જ તો ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમાજ અને સરકારને મદદરૂપ થઈને પણ કેટલાંય કર્મનિષ્ઠ શિક્ષકો શાળાઓમાં શ્રેષ્ઠ કાર્ય કરી રહ્યા છે. પોતાનું સર્વસ્વ આપીને વિદ્યાર્થીઓનાં જીવનને પ્રકાશિત કરવા માટે સમય, શક્તિ અને સંપત્તિનો ભોગ આપનારા એવા શિક્ષકો માટે જ આજે શિક્ષક દિવસની ઉજવણી સાર્થક છે. પરંતુ શિક્ષકદિને ફૂલ, ભેટ અને શુભેચ્છાઓ આપીને શિક્ષક પ્રત્યેનો સન્માન વ્યક્ત કરવાની સાથે સાથે જો તેમને શિક્ષણ માટેનો પૂરતો સમય, જરૂરી સાધનો અને ભણાવવાની સ્વતંત્રતા મળે તો જ્ઞાન, સંસ્કાર અને માનવતાના ફળ અને ફૂલથી સમાજવૃક્ષ પલ્લવિત થઈ જશે. કારણ કે - The destiny of a nation is shaped in its classrooms. તો શિક્ષક દિવસના અવસરે શિક્ષકોનું સન્માન માત્ર શબ્દોથી નહીં, પરંતુ કર્મનિષ્ઠ શિક્ષકોને શિક્ષણ માટે પૂરતો સમય અને યોગ્ય વાતાવરણ મળી રહે તેવી નીતિઓ અને વ્યવસ્થાઓ નિર્માણ કરવા માટે ગંભીરતાથી વિચારીને તે દિશામાં યોગ્ય પ્રયત્નો કરી અને કરાવીને થઈ શકે તો*.

ચોમાસા દરમિયાન વીજ પુરવઠો જાળવવા

## ધરમપુરમાં GEBની ટીમોની કામગીરીને સ્થાનિકોએ બિરદાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૩ :** છેલ્લા પંદર દિવસથી વરસાદ ખેંચાતા ખેડૂતો ઊભા પાકને બચાવવા કરેંજવેરી સહિત આજુબાજુ વિસ્તારના ખેડૂતો ચિંતિત બન્યા હતાં. આ દરમિયાન G.E.B.ના અધિકારીઓ સાથે થયેલી ટેલિફોનિક વાતચીતમાં વરસાદ નહીં આવે તો તા.૧૩ સપ્ટેમ્બરથી ખેતીવાડી વીજ પુરવઠો શરૂ કરવા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી હોવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, વરુણદેવની મહેર થતાં વિસ્તારમાં સારો વરસાદ વરસતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

વનરાજ કોલેજ, ધરમપુરના નિવૃત્ત કર્મચારી ઉત્તમભાઈ ચૌરા. કરેંજવેરીનાઓ દ્વારા ધરમપુર જીઈબીના અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરીને બિરદાવી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર ચોમાસા દરમિયાન ખેતીવાડી તેમજ ઘરવપરાશના વીજ પુરવઠાને જાળવવા જીઈબીની ટીમો સતત કાર્યરત રહી છે. ખાસ કરીને વરસાદ દરમિયાન વીજ લાઈન પર ઝાડ પડવા કે થાંભલા પડી જવાથી વીજ પુરવઠો ખોરવાય ત્યારે કરંજવેરી ગામના નાગરિકો દ્વારા જાણ કરવામાં આવતાં જીઈબીના અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી કામગીરી કરી વીજ પુરવઠો પૂર્વવત્ કરતા હોવાની પણ તેમણે પ્રશંસા કરી હતી. ખેડૂતોના હિતમાં આગોતરી તૈયારી તેમજ ચોમાસા દરમિયાન ઝડપી કામગીરી બદલ ઉત્તમભાઈ ચૌરાએ ધરમપુર G.E.B.ના અધિકારીઓ-કર્મચારીઓ સાથે વરુણદેવનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

## કેળવણીમાં સ્મશાનભૂમિની દયનીય હાલત સામે ગ્રામજનોનો રોષ



### મૃતદેહને સ્મશાન સુધી પહોંચાડવા પણ હાલાકી : પાકો રસ્તો, વરસાદરોધક શેડ, વીજળી સહિતની સુવિધાઓ માટે કલેક્ટરને રજૂઆત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના કેળવણી ગામના પાડવી ફળિયાની સ્મશાનભૂમિની દયનીય સ્થિતિ દર્શાવતો વીડિયો વાયરલ થયા બાદ આદિવાસી સમાજના આગેવાનો અને સ્થાનિક ગ્રામજનોએ સ્થળ પર પહોંચી પરિસ્થિતિની ગંભીર નોંધ લીધી હતી. સ્મશાનભૂમિ સુધી પહોંચવા માટે યોગ્ય રસ્તો ન હોવા સહિતની પ્રાથમિક સુવિધાઓના અભાવે ગ્રામજનોને અંતિમવિધિ દરમિયાન ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાની રજૂઆત કરવામાં આવી છે.

ડૉ. નિરવ ભુલાભાઈ પટેલ, ધરમપુરના માજી ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ, કમલેશ પટેલ, મુકેશ પટેલ અને પથીક પટેલ સહિતના આગેવાનોએ ગામના સરપંચ નરેશભાઈ, માજી સરપંચ સુરેશભાઈ, જયેશભાઈ પવાર, દિનેશ પાડવી તેમજ સ્થાનિક ગ્રામજનો સાથે સ્થળ મુલાકાત કરી હતી.

આ દરમિયાન સ્મશાનભૂમિની વાસ્તવિક સ્થિતિ અંગે ગ્રામજનો સાથે લાંબી ચર્ચા કરી તેમની સમસ્યાઓ અને માંગણીઓ જાણી હતી.

ચર્ચા બાદ ખાતા નં. ૨૭૨માં આવેલી સ્મશાનભૂમિમાં જરૂરી પ્રાથમિક અને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા વલસાડ જિલ્લા કલેક્ટરને તાકીદની રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામજનોની મુખ્ય માંગણીઓમાં બારેમાસ ઉપયોગ કરી શકાય તેવો પાકો રસ્તો, મજબૂત વરસાદરોધક શેડ, કાયમી વીજ કનેક્શન, સુરક્ષિત વાયરિંગ અને પૂરતી લાઈટિંગની વ્યવસ્થાનો સમાવેશ થાય છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, વરસાદ દરમિયાન રસ્તા પર કાદવ-કીચડ થવાના કારણે મૃતદેહને સ્મશાનભૂમિ સુધી લઈ જવામાં પણ ભારે મુશ્કેલી પડે છે. આવી સ્થિતિમાં અંતિમવિધિ માટે પાકો રસ્તો અત્યંત જરૂરી છે. સાથે જ વરસાદ કે અન્ય પ્રતિકૂળ હવામાનમાં અંતિમવિધિ સરળતાથી થઈ શકે તે માટે મજબૂત શેડ બનાવવાની માંગ કરવામાં આવી છે.

સ્મશાનભૂમિમાં રાત્રિના સમયે અંતિમવિધિ દરમિયાન અંધારાના કારણે સર્પદંશ અથવા અકસ્માતનો ભય રહેતો હોવાથી કાયમી વીજ કનેક્શન અને પૂરતી લાઈટિંગની વ્યવસ્થા કરવાની પણ માંગ ઉઠાવવામાં આવી છે. આ ઉપરાંત પીવાના પાણીની સુવિધા, નિયમિત સફાઈ, કચરા વ્યવસ્થાપન અને ગ્રામજનોને બેસવા માટે પ્લેટફોર્મ જેવી મૂળભૂત સગવડો ઊભી કરવાની રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જો સ્મશાનભૂમિના વિકાસ માટે અગાઉ કોઈ સરકારી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હોય તો મંજૂર થયેલી ગ્રાન્ટ, થયેલા ખર્ચ અને હાલમાં તેની સ્થિતિ અંગેની વિગતો જાહેર કરવાની પણ માંગ કરવામાં આવી છે. તેમજ તા. ૨૧ જાન્યુઆરી ૨૦૨૩ની ગ્રામસભામાં સર્વાનુમતે પસાર થયેલા ઠરાવ અંગે અત્યાર સુધી કરવામાં આવેલી કાર્યવાહી અને તેના પરિણામોની લેખિત માહિતી ગ્રામજનોને આપવાની માંગ કરવામાં આવી છે.

ડૉ. નિરવ પટેલે જણાવ્યું હતું કે, આઝાદીના દાયકાઓ બાદ પણ આદિવાસી બહુલ અને આર્થિક રીતે નબળા વિસ્તારોમાં લોકોને મૃતકના સન્માનપૂર્ણ અંતિમ સંસ્કાર માટે પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડે તે અત્યંત ખેદજનક બાબત છે. સ્મશાનભૂમિમાં સુવિધાઓની માંગ કોઈ વ્યક્તિગત લાભ માટેની માંગ નથી, પરંતુ માનવ ગૌરવ અને સામાજિક ન્યાય સાથે જોડાયેલો મૂળભૂત પ્રશ્ન છે.

તેમણે વધુમાં જણાવ્યું કે વહીવટી તંત્રએ માત્ર કાગળ પરની રજૂઆતો સુધી સીમિત ન રહી ગામે ગામ જઈ આઝાદી બાદથી વણઉકેલાયેલા આવા મૂળભૂત પ્રશ્નોનું નિરાકરણ લાવવું જોઈએ. ધરમપુર અને કપરાડાના ડુંગરાળ આદિવાસી વિસ્તારો સાથે થતું ઓરમાયું વર્તન હવે તાત્કાલિક બંધ કરી લોકોની મૂળભૂત જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

## કપરાડા - નાનાપોંઢાની બાહ્ય પરીક્ષા સૌથી વધુ મેરીટ લાવનાર શાળાઓનું સન્માન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૩ :** નાનાપોંઢા, કપરાડા તાલુકાની ૩ શાળાઓના વિદ્યાર્થીઓ જેઓ રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર આયોજિત વિવિધ ધોરણમાં બાળકો માટે લેવામાં આવતી વિવિધ બાહ્ય પરીક્ષાઓમાં સૌથી વધુ મેરિટમાં આવેલાં બાળકો ધરાવતી નાનાપોંઢા, કપરાડા તાલુકાની ૩ શાળાઓને શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારાં મળેલ પ્રશસ્તિ પત્ર ટી.પી.ઓ અને બી.આર.સી.ના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

બીઆરસી સજયભાઈએ શાળા પરિવાર, શિક્ષાકોની સરાહના કરી હતી.

સૌથી વધુ મેરિટમાં આવેલાં બાળકો ધરાવતી શાળાઓ જોગવેલ તાડ ફ. પ્રાથમિક શાળા પીએમ - ગુજરાત, ઓમકચ્છ પ્રાથમિક શાળા અને નાનપોંઢા પ્રાથમિક શાળાને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કપરાડા મનોજભાઈ ટંડેલ, બી.આર.સી.કો.ઓ. સંજયભાઈ મકવાણા, તેમજ તાલુકાનાં શિક્ષક સંઘ, શૈક્ષિક સંઘ અને HTAT મુખ્ય શિક્ષક સંઘનાં હોદ્દેદારોનાં વરદ હસ્તે પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.

## ધરમપુર તા.પં.માં સામાજિક ન્યાય સમિતિની પુનઃરચના

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૩ :** ધરમપુર તાલુકા પંચાયત કચેરી ખાતે આજે પ્રમુખ શકુંતલાબેન ચૌધરીના અધ્યક્ષસ્થાને ખાસ સામાન્ય સભા યોજાઈ હતી. અગાઉ તા.૨૦ જૂન, ૨૦૨૬ના રોજ મળેલી ખાસ સામાન્ય સભામાં સામાજિક ન્યાય સમિતિની રચના કરવામાં આવી હતી. જોકે, સમિતિમાં વાલ્મિકી સમાજના ચૂંટાયેલા સભ્યનો સમાવેશ ન કરાતા વિરોધ પક્ષ દ્વારા જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને પગલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અગાઉની સમિતિની રચનાના ઠરાવને પ્રતિષેધ કરી સમિતિની નવેસરથી રચના કરવા હુકમ કરવામાં આવ્યો હતો.



આ મુદ્દે યોજાયેલી ખાસ સામાન્ય સભામાં ફરી ચર્ચા હાથ ધરાઈ હતી. વિરોધ પક્ષના નેતા દેવુભાઈ મોકાશીએ રજૂઆત હતી. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારી ડી.એમ. પટેલ અને તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરીની ઉપસ્થિતિમાં સામાજિક ન્યાય સમિતિની નવેસરથી રચના કરવામાં આવી હતી. જેમાં તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરી દ્વારા ઈલેશભાઈ સુરતીનું નામ દરખાસ્તરૂપે રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂનમબેન રણછોડભાઈ ચૌધરી, મીનાબેન રમણભાઈ ભોયા, હરિલાલ રાજીરામ ચૌધરી અને રીનાબેન કિરણભાઈ વાઢુંના નામ સમિતિના સભ્યો તરીકે પ્રમુખ સ્થાનેથી દરખાસ્ત સાથે રજૂ કરવામાં આવ્યા હતાં. યોજાયેલ સભામાં ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત હેઠળના રૂા. ત્રણ લાખ સુધીના કામો અંગે પણ ચર્ચા થઈ હતી. વિરોધ પક્ષના સભ્ય રમેશભાઈ પાડવીએ રજૂઆત કરી હતી. સભામાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રણજીતભાઈ ચૌધરી, કારોબારી અધ્યક્ષ અશોકભાઈ દીવા સહિત બંને પક્ષના ચૂંટાયેલા સભ્યો અને તાલુકા પંચાયતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આમ અગાઉની સામાજિક ન્યાય સમિતિની રચના સામે થયેલી રજૂઆત અને જિલ્લા વિકાસ અધિકારીના હુકમ બાદ આજે ધરમપુર તાલુકા પંચાયતમાં સમિતિની પુનઃરચના કરવામાં આવતા આ મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો. જ્યારે વિરોધ પક્ષ કોંગ્રેસના તમામ સભ્યોએ પોતાના પક્ષના અનુસૂચિત જાતિના સભ્ય ઈલેશ સુરતીને ન્યાય સમિતિમાં સમાવેશ કરતા આનંદ વ્યક્ત કર્યો હતો.

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં ૧૦ બેગલેશ ડે અંતર્ગત કાર્યશાળા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૩ :** જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ – NCSM, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલસાડ (DIET)ના સંયુક્ત ઉપક્રમે ૧૦ બેગલેસ ડે અંતર્ગત તા. ૧૦ અને ૧૧ સપ્ટેમ્બરના રોજ પૂર્વ-વ્યાવસાયિક શિક્ષણ અને કૌશલ્ય વિકાસ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળાનો મુખ્ય હેતુ શિક્ષકોને અનુભવજન્ય શિક્ષણ, વ્યવહારુ જ્ઞાન, કૌશલ્ય વિકાસ તથા વિદ્યાર્થીઓને વિવિધ વ્યવસાયિક અને કારકિર્દી ક્ષેત્રોનો પરિચય કરાવવા અંગે માર્ગદર્શન આપવાનો હતો. શ્રી પંકજકુમાર એમ. દેસાઈ, સિનિયર લેક્ચરર, DIET વલસાડ દ્વારા INSPIRE કાર્યક્રમ અને INSPIRE Awards અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડ દ્વારા પ્રવૃત્તિ આધારિત તથા પ્રયોગાત્મક શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપતાં વેસ્ટ ટુ આર્ટ, ઈલેક્ટ્રિકલ વર્કશોપ, પઝલ સોલ્વિંગ, વોટર રોકેટ્રી અને 3D પ્રિન્ટર, 3D પેન જેવી હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવી હતી. DIET વલસાડના પ્રા. આચાર્ય મહેન્દ્રકુમાર આર. પટેલ દ્વારા NEP-૨૦૨૦ અંતર્ગત અનુભવ આધારિત, વ્યવહારુ અને કૌશલ્યલક્ષી શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. CRC સંકલનકાર જયદીપસિંહ પરમાર દ્વારા Smart Farming તથા 3H – Head, Heart & Hand જેવી સંકલ્પનાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં કૌશલ્ય અને વ્યવસાયિક સમજ વિકસાવવાની રીતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યશાળાના બીજા દિવસે ડૉ. મનીષ પટેલ અને ડૉ. પ્રકાશભાઈ પટેલ, DIET નવસારી દ્વારા ૧૦ બેગલેસ ડે, અનુભવજન્ય શિક્ષણ અને જીવન કૌશલ્ય આધારિત શિક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની ટીમ દ્વારા મોબાઈલ એક્ઝિબિશન બસ, વૈજ્ઞાનિક સાધનો અને માટી પરીક્ષણ (Soil Testing) જેવી પ્રયોગાત્મક પ્રવૃત્તિઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ડૉ. ભદ્રેશ સુદાણી, સરકારી ઈજનેરી કોલેજ, વલસાડ દ્વારા પૂર્વ-વ્યાવસાયિક શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અંગે માર્ગદર્શન આપતાં વિદ્યાર્થીઓને વિવિધ વ્યવસાયિક ક્ષેત્રોનો પ્રત્યક્ષ અનુભવ તથા કારકિર્દી માટે જરૂરી કૌશલ્યોનું એક્સપોઝર આપવા પર ભાર મૂકવામાં આવ્યો. કાર્યશાળામાં વલસાડ જિલ્લાના વિવિધ શાળાઓના કુલ ૬૨ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.







સહ્યાદ્રીની ગિરિકંદરાઓમાં ખળખળ વહેતો ધોધ, કુદરતના ખોળામાં 'મિની કાશ્મીર'નો અહેસાસ

## માકડબંધનો ગણેશ ધોધ પ્રવાસી માટે આકર્ષક બન્યો



(ઉમેશ બાવીસા દ્વારા)

### પ્રવાસીઓની વધતી સંખ્યાથી સ્થાનિકોને લારી ગલ્લા અને પાર્કિંગ સુવિધાથી રોજગારીની નવી તકો પણ મળી : ચોમાસામાં રોમાંચક ટ્રેકિંગનો અનોખો અનુભવ કરાવે છે


**વલસાડ, તા. ૧૩ :** વલસાડ જિલ્લાનો પુર્વ ભાગ સહયાદ્રીની ગિરીકંદરાઓમાં ચોમાસા દરમિયાન ખળખળ વહેતા ઝરણાંઓથી ઉભું સંગીત જાણે આંગતુકોને આવકારે છે. આવો, અમારા પ્રદેશ મીની કાશ્મીરમાં. ખરેખર અદુભત સૌંદર્ય સાથેનો વલસાડ જિલ્લાનો ડુંગરાળ -દેશ આદિવાસી વિસ્તારની આગવી ઓળખ છે.

ધરમપુર અને કપરાડા તાલુકામાં અનેક કુદરતી ઝરણાંઓ - ધોધ આવેલા છે. ધરમપુર તાલુકાના માકડબંધનો ગણેશ ધોધ બે ડુંગરોની વચ્ચે ખુબસુરત વાદીઓનું પ્રતિક છે.

માકડબંધ ગામના રહીશ અને ગણેશ ધોધ નજીક નાની લારી ચલાવતા કિરણભાઇ જણાવે છે કે, અમારા પુર્વજો આ કુદરતી ધોધને ''પાવલી ધોધ'' તરીકે ઓખળતા હતા. ધોધની નીચેનો આકાર કોઠી (ડાંગર ભરવાનું સાધન) આકારનો હોવાથી ''કુંડા ધોધ'' તરીકે ઓળખવામાં આવતો હતો. ત્યારબાદ ગામલોકોએ ˝ગણેશ ધોધ˝ તરીકે પ્રખ્યાત કર્યો. સ્થાનિક આદિવાસી સમાજ માટે આ સ્થળ પવિત્ર છે. અહીં ધોધ ડુંગર પર ઉંચે હોઈ, એક કિ.મી. જેટલો પગદંડી રસ્તે ચાલતા જવું પડે છે. જે રોમાંચક ટ્રેકિંગનો અનુભવ કરાવે છે. જે ખરેખર આનંદ થાય છે.

તેઓ વધુમાં કહે છે કે, ગણેશધોધના કારણે ચોમાસાના ત્રણ માસ દરમિયાન સ્થાનિક રોજગારી પણ મળી રહે છે. ખાસ કરીને શનિ-રવિ અને અન્ય રજાઓમાં મોટી સંખ્યામાં -વાસીઓ અહી આવે છે. જેના કારણે નાની લારી ચલાવતા લોકોને સારી એવી રોજગારી મળી રહી છે.

સાથે પાર્કિંગના કારણે આવકમાં વધારો થયો છે. માકડબંધ શકરધોધ જવા માટે ધરમપુર ભેંસદરા, ફુલવાડી થઈને જઇ શકાય છે.



### ધરમપુરના રજવાડાના રક્ષણ અને વન-સંપત્તિ માટે મહત્વનો હતા

માકડબંધ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં સહ્યાદ્રી પર્વતમાળાના ખોળામાં આવેલું એક પ્રાકૃતિક અને સમૃદ્ધ આદિવાસી વારસો ધરાવતું ગામ છે. આ ધોધ સહ્યાદ્રી પર્વતમાળાના ડુંગરાળ વિસ્તારોમાંથી વહેતા કુદરતી ઝરણાંઓ દ્વારા રચાય છે. પ્રાચીન સમયમાં જ્યારે ધરમપુર રજવાડા હેઠળ ઘનઘોર જંગલો હતા, ત્યારે આ સ્થળ સ્થાનિક વનવાસીઓ માટે પાણીનો મુખ્ય સ્ત્રોત અને શાંત આશ્રયસ્થાન હતું. રજવાડાના સમયમાં આ ગામ ધરમપુરના સિસોદિયા રાજપૂતના તાબા હેઠળના પ્રદેશનો ભાગ હતું. સહ્યાદ્રી પર્વતોના ઘનઘોર જંગલોમાં સ્થિત હોવાને કારણે આ સમગ્ર વિસ્તાર રજવાડાના રક્ષણ અને વન-સંપત્તિ માટે મહત્વનો હતો.

### પ્રવાસીઓને સ્વચ્છતા જાળવવા અપીલ

માકડબંધ ગ્રામ પંચાયત દ્વારા અહીં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવે છે. પણ પ્રવાસીઓને અપીલ પણ કરે છે કે, ફરવા આવો ત્યારે અહીં ગંદકી કરવી નહીં. ડસ્બીન મુકવામાં આવી છે. જેથી કચરો કચરા પેટીમાં જ નાખો. આ કુદરતી રમણીય સ્થળની સુંદરતા જાળવી રાખશો તો પ્રકૃતિનું પૂજન કર્યા સમાન ગણાશે.

### કુકણાં સમાજના લોકો માવલી માતાની વિશેષ પૂજા કરે છે

માકડબંધ મુખ્યત્વે આદિવાસી વસ્તી ધરાવતું ગામ છે, જ્યાં મુખ્યત્વે કુકણાં સમાજ વસે છે. અહીંના લોકો પરંપરાગત રીતે પ્રકૃતિ, ડુંગર દેવ અને ગ્રામ દેવતાઓની પૂજા કરે છે. ગામની મુખ્ય સંસ્કૃતિ અને લોકજીવન કુકણાં બોલી સાથે જોડાયેલું છે. ગણેશધોધની ઉપરની તળેટીમાં ગામના લોકો ચોમાસાના પ્રારંભે અથવા પાક લણણીના સમયે પ્રકૃતિ અને પાણીના દેવતાઓનો આભાર માનવા અહીં માવલી માતાની વિશેષ પૂજા કરે છે.

## ધરમપુરની કુમાર છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે સુવિધા-સુરક્ષાનો અભાવ!

ગુજરાત રાજ્ય ના આદિજાતિ વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત વલસાડ જિલ્લાના સમાજકલ્યાણ વિભાગના દેખરેખ હેઠળ ચાલતી કન્યા અને કુમાર છાત્રાલય માં રહેતા વિધાર્થીઓ માટે સુવિધા અને સુરક્ષાને લઈ ભૂતકાળમાં પણ અનેક પ્રશ્નો ઉઠ્યા હતાં. જેનું એક જીવંત ઉદાહરણરૂપ કિસ્સો ધરમપુરના બાંમટી ખાતે આવેલી કુમાર છાત્રાલયમાં કોઈ બુકાની ધારી અજાણ્યા ઈસમો દ્વારા વિદ્યાર્થીઓ પર કરેલો જીવલેણ હુમલો થયો હતો. હતો જેમા કપરાડા તાલુકાના ચાર યુવકોને ગંભીર ઈજા થઈ હોવાની ઘટના એ સમગ્ર વલસાડ જિલ્લા ચકચારી મચી જવા પામી છે. જે અંગે અનેક રાજકીય સંગઠનો, આદિવાસી સંગઠનો મેદાને આવી ગુનેગારોને સખત સજા થાય તેવી તંત્ર સામે પ્રબળ માંગ કરી છે. આ ઉપરાંત વિવિધ સંગઠનો દ્વારા છાત્રાલયની મુલાકાત લેતા છાત્રાલયમાં અનેક પ્રકારની સુવિધાનો અને વિદ્યાર્થીઓની સુરક્ષાનો અભાવ જોવા મળ્યો હોવાની વિગત મળવા પામી છે. ઉલ્લેખનીય છે. સરકારનું આદિજાતિ વિભાગ ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી ઉચ્ચ શિક્ષણ મેળવી શકે. જે હેતુ સાથે ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓ વિનામૂલ્યે છાત્રાલયમાં રહેવા - જમવા ઉપરાંત અન્ય સુવિધા માટે મસમોટી ગ્રાન્ટ ખર્ચ કરે છે. ત્યારે પ્રશ્નોએ થાય છે. કે સરકારની એટલી મોટી ગ્રાન્ટ ફાળવાતી હોવા છતાં છાત્રાલયમાં



**કપરાડાનો પત્ર**

**જગદીશ ભોયા, કપરાડા**

સુવિધા અને સુરક્ષાનો એટલો બધો આભાસ શા માટે ? જે એક મોટો પ્રશ્ન વલસાડ જિલ્લાના સમાજકલ્યાણ ખાતા સામે ઉઠી રહ્યો છે. દરેક છાત્રાલયોમાં વોર્ડન હોય છે. ત્યારે ધરમપુરની ઘટના સમયે વોર્ડન અને કોઈ સિક્યુરિટી હાજરી અંગે સવાલ ઉઠી રહ્યા છે. સરકારી છાત્રાલયમાં કોઈ બહારના આવા તત્વો છાત્રાલયમાં ઘૂસી અભ્યાસ કરતા બાળકો પર જીવલેણ હુમલો કરે અને શારીરિક નુકશાન પહોંચાડે અને અભ્યાસમાં બાધારૂપ બનતા આ ઘટના સમગ્ર વિસ્તારના શિક્ષણ જગતના લોકો વખોડી કાઢી છે. હુમલો કરનારાને સખત સજા થાય તેવી માંગ ઉઠી રહી છે. આ ઘટનાને અનેક રાજકીયો સંગઠનો અને આદિવાસી સંગઠનો દ્વારા વખોટી કાઢી વિરોધ નોંધાવ્યો છે. આવા અસામાજિક હુમલાખોરો સામે પોલીસ સખત કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી રહી છે. આ ઘટના બનતા જ નાનાપોંઢા તાલુકાના સુખાલાના તાલુકા પંચાયત સદસ્ય કુંજલીબેન પટેલે છાત્રાલયની મુલાકાત લીધી હતી. તે દરમિયાન કુંજલીબેન પટેલે છાત્રાલય સંચાલકો સામે અનેક ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કે છાત્રાલયમાં વિવિધ સુવિધાઓ અને સુરક્ષાનો અભાવ જોવા મળી રહ્યો છે. છાત્રાલયમાં કોઈ સીસી ટીવી કેમેરા નથી, આ ઉપરાંત કોઈ સિક્યુરિટી નથી. આ ઉપરાંત અનેક પ્રકારની સુવિધા નથી હોવાનું જાણવા મળે છે. આમ ધરમપુરની કુમાર છાત્રાલયમાં વિદ્યાથીઓ પર થયેલો જીવલેણ હુમલાને લઈ રાજકીય અને આદિવાસી સંગઠનો મેદાને આવી હુમલાખોરો સામે સખત સજા થાય તેવી માંગ ઉઠી રહી છે.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 14, September 2026


## એઆઈની વિકસતી ક્ષમતાની ચિંતા

એકાદ દાયકાની અંદર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આખી માનવજાતને ખતમ કરી શકે છે, એવી આગાહી ટેક કંપની એન્થ્રોપિકના સંશોધક જેકબ કોક્સોને કરી છે, જે ચિંતા વધારવા સાથે ચિંતન કરવા પ્રેરે એવી છે. એઆઈ માણસની નોકરીઓ ખાઈ જશે તથા અનેક મહત્ત્વનાં કાર્યો કરતું થઈ જશે એવો ભય શરૂઆતથી હતો, પણ કોક્સોનની ચેતવણીનો સંબંધ આ એઆઈ ટેક્નોલોજી વિકસાવી રહેલી કંપનીઓ જે બિન-જવાબદારપણે વર્તી રહી છે, તેની સાથે છે. ગૂગલ અને મેટા જેવા ટેક જાયન્ટ્સ અત્યારે જે રીતે વિશ્વ પર જાપ્તો અને વર્ચસ્વ ધરાવે છે એ જોતાં કોક્સોનની આ ચેતવણીને અતિશયોક્તિ કે તેમનો વ્યક્તિગત અભિ-ાય ગણવાની ભૂલ કરવા જેવી નથી. વળી, ફરિયાદનો આ સૂર એકલ-દોકલ નથી અને કોક્સને નોકરી છોડવા માટે આપેલું આ કારણ માર્કાટિંગ ગતકડું પણ નથી. એઆઈ મૂળમાં જ જોખમી અને ચિંતાજનક છે, કેમ કે તે માણસની જેમ વિચારવાની તથા નિર્ણય લેવાની ક્ષમતામાં માનવની લગોલગ છે. કોક્સનના દાવા મુજબ, બજારનાં પરિબળોના દબાણ હેઠળ કંપનીઓ જે ઝડપે આગળ વધી રહી છે, તેનાથી સંશોધનમાં તથા અન્ય મોરચે પણ સલામતી જોખમાવાની શક્યતા વધી જાય છે. હાલમાં જ સામે આવ્યું છે કે, કેટલાક એઆઈ એજન્ટ્સે તેમના માટે નક્કી કરેલા દાયરાની બહાર જઈ કામ કર્યું છે અને સિસ્ટમમાં ગેરકાયદે -વેશ (હાકિંગ) પણ કર્યો છે. આ બાબત ચિંતાજનક છે, કેમ કે કોઈ એઆઈ મોડેલ તેને સોંપાયેલું કામ પૂરું કરવા માટે આવો માર્ગ લેશે, એવી ગણતરી કે ગોઠવણ તેને વિકસાવનારાઓએ પણ રાખી નથી. આગળ જતાં આ જોખમ ઓર વધશે, કેમ કે એઆઈનાં જેટલાં શક્તિશાળી મોડેલ બની રહ્યાં છે, તેમાં નિર્ણય લેવાની આ ક્ષમતા પણ વધુ જટિલ અને ઓછી પારદર્શક બનતી જશે. સાવ એવું પણ નથી કે, આ ભયસ્થાનો તદ્દન નવાં કે અજાણ્યાં છે. ૨૦૨૩થી અત્યાર સુધીમાં એલોન મસ્ક અને એપલના સહ-સંસ્થાપક સ્ટીવ વોઝનિયાક જેવા માંધાતાઓએ એઆઈ ટેક્નોલોજીના વધુ વિકાસ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોક્સોને ઓપન એઆઈ અને એન્થ્રોપિક એમ બંને જગ્યાએ કામ કર્યું છે અને તેનું કહેવું છે કે, બંને કંપની વચ્ચે હોડ લાગી છે અને બંનેને પહેલા આવવું છે, આના પગલે કેટલાંક જોખમોની અવગણના થઈ રહી છે. ઓપન એઆઈના મુખ્ય વિજ્ઞાની જાકુબ પચોસ્કીએ થોડા સમય પહેલાં જ કહ્યું હતું કે, એઆઈ જે ગતિએ આગળ વધી રહી છે, તેના માટે માનવ કદાચ તૈયાર નથી. વળી, જે રીતે ખાનગી હાથોમાં આ ટેક્નોલોજીનો વિકાસ છે, એ જોતાં સરકારોએ વહેલી તકે તેમાં હસ્તક્ષેપ કરવો જોઈએ. બેફામ દોડ અને બેલગામ હોડને બદલે સુરક્ષાને પ્રાથમિકતા આપવાનો વિચાર થાય એ આવશ્યક છે. એક સૂચન એવું પણ છે કે, એઆઈ મોડેલોના વિકાસ પર હંગામી ધોરણે પ્રતિબંધ મુકાવા જોઈએ. અન્ય નિષ્ણાતોનું માનવું છે કે, આગામી એક દાયકામાં એઆઈ માનવને મારી નાખશે એવી શક્યતા માત્ર ૧૦ ટકા છે. આ જોખમ જો એક ટકો પણ હોય તો બહુ મોડું થઈ જાય એ પહેલાં પગલાં લેવાવાં જોઈએ.

### નવી દિલ્હીના ભારત મંડપમમાં ૧૮મું બ્રિક્સ સંમેલન સંપન્ન થયું

# દુનિયાને આપણાંથી ઠોસ પરિણામની આશા : મોદી




### બ્રિક્સ માત્ર દેશોનું જૂથ નથી, પરંતુ ઉકેલોની એક મજબૂત વ્યવસ્થા : આગામી બ્રિક્સ સંમેલનની અધ્યક્ષતા માટે ચીનને મોદીએ શુભકામનાઓ પાઠવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૩ : નવી દિલ્હી સ્થિત ભારત મંડપમમાં યોજાયેલું ૧૮મું બ્રિક્સ સંમેલન પૂર્ણ થયું છે. આ સંમેલનની અધ્યક્ષતા કરી રહેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાપન મંતવ્ય આપતા કાર્યક્રમમાં સક્રિય ભાગીદારી બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત તેમણે આગામી બ્રિક્સ સંમેલનની અધ્યક્ષતા માટે ચીનને પણ શુભકામનાઓ પાઠવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ૧૮મા બ્રિક્સ શિખર સંમેલનના સમાપન પર હું આપ સૌની સક્રિય ભાગીદારી અને મૂલ્યવાન યોગદાન બદલ હૃદયપૂર્વક આભાર માનું છું. આપના મહત્વપૂર્ણ વિચારો અને સૂચનોએ આપણા સહયોગને વ્યાપકતા પણ આપી છે અને ઊંડાણ પણ આપ્યું છે. આપની ઉપસ્થિતિ BRICSની વધતી પ્રાસંગિકતા, ખુલ્લાપણા અને સમાવેશીતાનું પ્રતીક છે. છેલ્લા બે દિવસની આપણી ચર્ચાઓએ આપણો વિશ્વાસ વધુ મજબૂત કર્યો છે કે બ્રિક્સ એ માત્ર દેશોનું જૂથ નથી, પરંતુ ઉકેલોની એક સિસ્ટમ છે.

તેમણે કહ્યું, અમને આશા છે કે આ સમિટમાં અપનાવવામાં આવેલું નવી દિલ્હી ઘોષણાપત્ર આપણી સામાજિક સોચ અને ભવિષ્યના સહયોગ માટે એક સ્પષ્ટ દિશા આપશે. આપણે તમામ પરિણામોને નિર્ધારિત સમયમર્યાદા ધરાવતા કાર્યોમાં બદલવા પડશે, જેની અસર જમીની સ્તર સુધી દેખાય. આપણે મળીને એ સુનિશ્ચિત કરીશું કે આપણું ફ્રેમવર્ક માત્ર કાગળની કામગીરી સુધી સીમિત ન રહે, પરંતુ વાસ્તવિક જીવનમાં નક્કર અસર પાડે.

તેમણે કહ્યું, બ્રિક્સ હવે તેના ત્રીજા દાયકામાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે. દુનિયા હવે આપણી પાસેથી માત્ર વિચારો અને વચનોની જ નહીં, પરંતુ નક્કર પરિણામોની આશા રાખે છે. મને વિશ્વાસ છે કે આપણે આપણા સામૂહિક પ્રયાસોથી આ અપેક્ષાઓ પર ચોક્કસપણે ખરા ઉતરીશું. હું BRICSની આગામી યજમાની માટે ચીનને ફરી એકવાર શુભકામનાઓ આપું છું. નવી દિલ્હી સમિટને સફળ બનાવવા માટે હું આપ સૌની અને આપની ટીમોની વિશેષ રૂપે પ્રશંસા કરું છું. હું આપ સૌની સુખદ અને સુરક્ષિત યાત્રાની કામના કરું છું.

તેમણે કહ્યું, અમને આશા છે કે આ સમિટમાં અપનાવવામાં આવેલું 'નવી દિલ્હી ઘોષણાપત્ર' આપણી સહિયારી વિચારસરણી અને ભવિષ્યના સહયોગ માટે એક સ્પષ્ટ દિશા આપશે. આપણે તમામ પરિણામોને નિર્ધારિત સમયમર્યાદા વાળા કામોમાં બદલવા પડશે,

જેની અસર જમીની સ્તર સુધી દેખાય. આપણે મળીને એ સુનિશ્ચિત કરીશું કે આપણું ફ્રેમવર્ક માત્ર કાગળની કામગીરી સુધી સીમિત ન રહે, પરંતુ વાસ્તવિક જીવનમાં ઠોસ અસર પાડે. તેમણે કહ્યું, બ્રિક્સ હવે પોતાના ત્રીજા દશકમાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે. દુનિયા હવે આપણી પાસેથી માત્ર વિચારો અને વાયદાઓની નહીં, પરંતુ ઠોસ પરિણામોની આશા રાખે છે. મને વિશ્વાસ છે કે આપણે આપણા સામૂહિક પ્રયાસોથી આ આશાઓ પર ચોક્કસપણે ખરા ઊતરીશું. હું BRICS ની આગામી યજમાની માટે ચીનને ફરી એકવાર શુભકામનાઓ આપું છું. નવી દિલ્હી સમિટને સફળ બનાવવા માટે હું આપ સૌની અને તમારી ટીમોની ખાસ કરીને પ્રશંસા કરું છું.

હું આપ સૌની સુખદ અને સુરક્ષિત યાત્રાની કામના કરું છું. બીજી તરફ, સંમેલનના સમાપન પહેલા ચીન અને રશિયાના રાષ્ટ્ર પ્રમુખ પોતપોતાનો પ્રવાસ પૂર્ણ કરીને સ્વદેશ પરત ફરી ગયા છે. દિલ્હી ડીક્લેરેશન પ્રસ્તાવની સ્વીકૃતિને ભારત સૌથી મોટી કૂટનૈતિક જીત તરીકે જોઈ રહ્યું છે.

## ભારત-ચીન વચ્ચે દ્વિપક્ષીય સંબંધો માટે સરહદે શાંતિ જરૂરી : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૩ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બ્રિક્સ સમિટમાં કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અને વૈશ્વિક શાસન ઢાંચામાં સુધારો કરવો હવે જરૂરી છે. બ્રિક્સ દેશોએ એક થઈને નિર્ણાયક ભૂમિકામાં આવવું જોઈએ તેમ મોદીએ કહ્યું હતું.

આ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ મોદીની નજીક બેઠા હતા. મોદીએ કહ્યું હતું કે હાલમાં કેટલાક દેશોના હાથમાં જ નિર્ણયો વધુ જોવા મળે છે. બીજી બાજુ ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેઠક યોજી હતી, જેમાં સરહદનો મુદ્દો ઉઠાવાયો હતો. મોદીએ કહ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે સારા સંબંધો માટે સરહદે શાંતિ સ્થાપિત કરવી અત્યંત જરૂરી છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારત અને ચીને એકબીજા સાથેના મતભેદોને વિવાદનો મુદ્દો ના બનવા દેવો જોઈએ.

એકબીજાનું સન્માન જાળવવું પણ જરૂરી છે. જો દ્વિપક્ષીય સંબંધો જાળવી રાખવા હોય તો સરહદે શાંતિ જાળવવી પડશે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું હતું કે બ્રિક્સ સંગઠને પોતાના કાર્યકાળના ૨૦ વર્ષ પૂર્ણ કરી લીધા છે. હવે આ સંગઠન એવી સ્થિતિમાં પહોંચી ગયું છે કે જ્યાં તેની જવાબદારી વધી જાય છે.

તેથી બહુ જ સમજદારીથી આગળ વધવુ પડશે. બ્રિક્સ દેશોનો હેતુ કોઈની વિરુદ્ધમાં જવાનો નથી. પરંતુ તમામને સાથે લઈને ચાલવાનો છે. વડાપ્રધાન મોદીએ ગ્લોબલ ગવર્નન્સ માટે ૧૦ મુદ્દાનો રોડમેપ પણ જાહેર કર્યો હતો.

તમામ બ્રિક્સ દેશોના વડાઓની હાજરીમાં મોદીએ આ નિવેદન આપ્યું હતું.

વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે આજે ગ્લોબલ સાઉથ વૈશ્વિક સંકટની સામે પ્રથમ હરોળમાં ઉભું છું પરંતુ નિર્ણયો લેવામાં છેલ્લી હરોળમાં છે. આપણે આ પિરામિડને બદલવાની જરૂર છે કે જેમાં આપણે નિર્ણયો લેવામાં અંતિમ હરોળમાં છીએ જ્યારે કેટલાક દેશો જ વૈશ્વિક નિર્ણયો લઈ રહ્યા છે જેના પરિણામો આપણે બ્રિક્સ દેશોએ ભોગવવા પડે છે.

## જિનપિંગે ભારતને કહ્યું થેન્ક્યુ, UN-WTOમાં સુધારાની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૩ : ભારતમાં આયોજિત BRICS સમિટ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતા બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે ગ્લોબલ સાઉથની ભૂમિકા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે અમેરિકા તરફ ઈશારો કરતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, કોઈ દેશ શક્તિશાળી હોવાનો અર્થ એ નથી કે તે હંમેશા સાચો જ હોય, અને આવી વિચારસરણી હવે લાંબો સમય નહીં ચાલે. વિશ્વમાં સદીઓ પછી મોટા બદલાવો આવી રહ્યા છે અને વિકાસશીલ દેશો હવે વિશ્વ વ્યવસ્થામાં એક મોટી શક્તિ બનીને ઉભરી રહ્યા



છે, ત્યારે બ્રિક્સ દેશોએ સાથે મળીને વૈશ્વિક સ્થિરતા માટે આગળ આવવું જોઈએ.

ચીની રાષ્ટ્રપતિએ ટ્રાફિકનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે, નિયમો વગરનું વિશ્વ એ ટ્રાફિક લાઈટ વગરના ચાર રસ્તા જેવું છે, જ્યાં અંધાધૂંધી સર્જાય છે. આંતરરાષ્ટ્રીય નિયમો તમામ દેશોએ સાથે મળીને ઘડવા જોઈએ.

વૈશ્વિક કાયદા તમામ દેશો માટે એકસરખા લાગુ પડવા જોઈએ અને તેમાં કોઈ પણ પ્રકારના બેવડા માપદંડ હોવા જોઈએ નહીં. કોઈપણ દેશનું કદ, સૈન્ય તાકાત કે સંપત્તિ ભલે ગમે તેટલી હોય, તમામ દેશો સમાન ગણાવા જોઈએ. સંયુક્ત રાષ્ટ્રની ભૂમિકા વધુ મજબૂત બનાવવાની જરૂર છે અને વૈશ્વિક બાબતોમાં દરેક દેશને સમાન ભાગીદારી મળવી જોઈએ. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)માં સુધારાની સાથે વૈશ્વિક નાણાકીય માળખામાં વિકાસશીલ દેશોના અવાજને મહત્વ આપવું ખૂબ જ જરૂરી છે.

## પાક.માં સૈન્યના કાફલા પર આતંકી હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા) બલૂચિસ્તાન, તા.૧૩ : પાકિસ્તાનના અશાંત વિસ્તાર બલૂચિસ્તાનમાંથી એક ભયાનક આતંકી હુમલાના સમાચાર સામે આવ્યા છે. બલૂચિસ્તાનના લાસબેલા જિલ્લામાં નેશનલ હાઈવે (N-25) પરથી પસાર થઈ રહેલા પાકિસ્તાની સેનાના કાફલાને નિશાન બનાવીને મોટો વિસ્ફોટ કરવામાં આવ્યો છે. આ હુમલામાં ૨૩ થી વધુ જવાનો માર્યા ગયા હોવાની આશંકા છે, જ્યારે અનેક જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ઘટના લાસબેલાના કશારી વિસ્તારમાં બની હતી. ત્યાંથી ફ્રન્ટિયર ફોર્સના આશરે ૧૫ વાહનોનો કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે આતંકીઓએ તેને લક્ષ્ય બનાવીને તીવ્ર વિસ્ફોટ કર્યો હતો. ધમાકો એટલો ભયાનક હતો કે સુરક્ષા દળનું એક વાહણ સળગીને ખાખ થઈ ગયું હતું.

ગોળીબાર અને વિસ્ફોટ બાદ તુરંત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા તમામ જવાનોને તાત્કાલિક સારવાર માટે નજીકના બેલા કેમ્પ ખાતે ખસેડવામાં આવ્યા છે. પાકિસ્તાની સેના દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું ન હોવાથી મૃતકો અને ઘાયલોનો આંકડો બદલાઈ શકે છે.

આ હુમલા પાછળ બલૂચ લિબરેશન આર્મી (BLA) નો હાથ હોવાની પ્રબળ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી આ સંગઠન બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સુરક્ષા દળો, સરકારી સંપત્તિઓ અને મુખ્ય હાઈવે પર સતત હુમલા કરી રહ્યું છે. મ્ન્છ દ્વારા અગાઉ પણ સેનાના કાફલાને નિશાન બનાવવાની ઘટનાઓ બની છે.

ઘટના બાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

## મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલના પાંચ વર્ષ પૂર્ણ, છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચ્યો



### ગુજરાત બન્યું વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું હબ, વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે તૈયાર : મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં હરણફાળ ભરી રહ્યું છે

ગાંધીનગર, ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થયા છે. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ પ્રાપ્ત કરીને નાગરિકોની સુખાકારીમાં વધારો કર્યો છે. રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું ૪.૦૮ લાખ કરોડનું બજેટ, સેમિકન્ડક્ટર અને રિન્યુએબલ એનર્જી જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં સક્રિય ભાગીદારી, આધુનિક શહેરી અને ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે વહીવટી સુધારાઓએ ગુજરાતની વિકાસયાત્રાને નવી દિશા આપી છે. આ પાંચ વર્ષની સફર માત્ર આંકડાકીય સિદ્ધિઓ પૂરતી સીમિત નથી, પરંતુ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણ માટેનો રોડમેપ બની છે.

**૧૯ નીતિઓથી ભવિષ્યના ક્ષેત્રો માટે મજબૂત પાયાનું નિર્માણ**

રાજ્યના વિકાસને નવી ગતિ આપવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧૯ મહત્વપૂર્ણ નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે. સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રોનિક્સ, સ્પેસટેક, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ, ડેટા સેન્ટર્સ, શિપબિલ્ડિંગ અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપતી નીતિઓના કારણે ગુજરાતે ઉભરતા અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણ માટે મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરી છે.

**પ્રાદેશિક વિકાસને વેગં VGRCમાં ૧૭.૪ લાખ કરોડના MoU** વૈશ્વિક રોકાણ અને ઔદ્યોગિક વિકાસને રાજ્યના વિવિધ ક્ષેત્રો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી ચાર વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિઝનું આયોજન કરવામાં આવ્યું. આ ચાર પરિષદોમાં કુલ ૧૭.૪ લાખ કરોડના રોકાણ માટે MoU થયા છે. પ્રાદેશિક સ્તરે રોકાણ અને રોજગારીની તકો વધારવા માટે ગુજરાતે કરેલી આ પહેલના પરિણામે રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાને વધુ મજબૂતી આપી છે. **સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતની મોટી સિદ્ધિ ૬ પ્લાન્ટ મંજૂર, ૩ કાર્યરત**

સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતે દેશના અગ્રણી રાજ્ય તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરી છે. રાજ્યમાં કુલ ૬ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સને મંજૂરી મળી છે, જેમાંથી ત્રણ પ્લાન્ટ વ્યવસાયિક ધોરણે કાર્યરત થઈ ચૂક્યા છે. સેમિકન્ડક્ટરથી લઈને AI અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ સુધીના ક્ષેત્રોમાં ગુજરાત ભવિષ્યની ટેક્નોલોજી આધારિત અર્થવ્યવસ્થા માટે પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે. **UCCથી વહીવટી સુધારા સુધી ગુજરાતમાં સુશાસન બન્યું મજબૂત**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) બિલ પસાર કરવામાં આવ્યું છે, જે સમાનતા, ન્યાય અને એકતાના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. સાથે જ નાગરિક સેવાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા અનેક વહીવટી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. 'સુગમ ડિજિટલ ગુજરાત'ના માધ્યમથી સરકારી સેવાઓને પેપરલેસ, કેશલેસ અને ફેસલેસ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે.

GRIT અને GARCથી ગવર્નન્સ ૨.૦ તરફ ગુજરાતની આગેકૂચ નીતિ આયોગની પેટર્ન પર 'ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મેશન' (GRIT)ની રચના કરવામાં આવી છે. વહીવટી તંત્રની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC)ની પણ રચના કરવામાં આવી છે. આ વિકાસલક્ષી અને વિઝનરી પહેલો દ્વારા ડેટા આધારિત નીતિ નિર્માણ, કાર્યક્ષમ વહીવટ અને પરિણામલક્ષી શાસનને વધુ મજબૂત બનાવવાના પ્રયાસ થયા છે. 'વિકસિત ગુજરાત ક૨૦૪૭'નો ગુજરાતનો રોડમેપ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ક૨૦૪૭'ના વિઝનને અનુરૂપ 'વિકસિત ગુજરાત ક૨૦૪૭'નો રોડમેપ તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. લાંબા ગાળાના આ વિઝન દ્વારા ગુજરાતને આર્થિક રીતે સક્ષમ, ટેક્નોલોજીથી સજ્જ અને સર્વસમાવેશી વિકાસ સાથેના એક મજબૂત રાજ્ય તરીકે વિકસાવવાની દિશા નક્કી કરવામાં આવી છે.

**શહેરી વિકાસને પ્રાથમિકતા વર્ષ ૨૦૨૫ની 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવણી**

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શહેરી વિકાસના વિઝનને આગળ લઈ જતા વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યના શહેરોને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા આધુનિક અને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવ્યો છે. શહેરી પરિવહન, સુવિધાઓ અને નાગરિક સેવાઓમાં સુધારા સાથે શહેરોમાં 'ઈઝ ઑફ લિવિંગ' વધારવાની દિશામાં કામગીરી કરવામાં આવી છે.

**યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ**

યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે અનેક કલ્યાણલકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યની દીકરીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે 'નમો લક્ષ્મી યોજના' શરૂ કરવામાં આવી છે. ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અમલમાં છે. પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન ઉપરાંત પોષણયુક્ત અલ્પાહાર મળે તે માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' અને સગર્ભા માતાઓના આરોગ્ય તથા પોષણ માટે 'નમો શ્રી યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

**મહેસૂલી સુધારાથી નાગરિક સેવાઓ બની ઝડપી**

નાગરિકોને સરકારી પ્રક્રિયાઓમાં સરળતા મળે અને સેવાઓ વધુ ઝડપી બને તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મહત્વપૂર્ણ મહેસૂલી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. ટેક્નોલોજીના ઉપયોગ અને પ્રક્રિયાઓને સરળ બનાવીને નાગરિક કેન્દ્રિત વહીવટને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે.

**આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોની સફળ યજમાનીથી વૈશ્વિક મંચ પર ગુજરાતની પ્રતિષ્ઠા વધી**

ગુજરાતે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન G-20 બેઠકો, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને RE-Invest 2024 જેવા મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોનું સફળ આયોજન કર્યું છે. આ કાર્યક્રમોએ ગુજરાતની વૈશ્વિક રોકાણ, વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે વધતી ભૂમિકાને વધુ મજબૂત બનાવી છે. હવે વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે પણ ગુજરાત તૈયાર છે. રિન્યુએબલ એનર્જીથી AI સુધી ભવિષ્યના ક્ષેત્રોમાં અગ્રેસર બની રહ્યું છે ગુજરાત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં અગ્રેસર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

ઉદ્યોગ, રોકાણ, ટેક્નોલોજી, શિક્ષણ, આરોગ્ય, શહેરી વિકાસ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં થયેલા વિકાસને કારણે ગુજરાતે છેલ્લા પાંચ વર્ષમાં સર્વાંગી વિકાસનો નવો અધ્યાય લખ્યો છે.

## નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ.નો IPO ૧૭ સપ્ટેમ્બરે ખૂલશે




(દમણગંગા ટાઈમ્સ)

**અમદાવાદ, તા.૧૨ :** નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડે તેના પ્રારંભિક જાહેર ભરણું (IPO) માટે રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર દીઠ રૂ. ૧,૭૦૦ થી રૂ. ૧,૭૮૫ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે.

કંપનીનો -રંભિક જાહેર ભરણું સબસ્ક્રિપ્શન માટે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ખુલશે અને ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બંધ થશે. રોકાણકારો ન્યૂનતમ ૮ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે. હાલમાં રૂ. ૧ ની મૂળ કિંમત ધરાવતા ૨,૪૭૫,૦૦૦,૦૦૦ ઈક્વિટી શૅર અસ્તિત્વમાં છે રૂ. ૧ ની ફેસ વેલ્યુ ધરાવતો આ IPO એ કોર્પોરેટ વેચાણકર્તા શેરધારકો દ્વારા ૧૨૬,૪૩૬,૬૫૦ સુધીના ઈક્વિટી શૅરના વેચાણની ઓફર (ઓફર-ફોર-સેલ) છે.

આ શેરધારકોમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ, અરાન્ડા ઈન્વેસ્ટમેન્ટ્સ (મોરેશિયસ) પ્રા. લિ., એમએસ સ્ટ્રેટેજિક (મોરેશિયસ) લિ., ધ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિ., એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ (SS), બેંક ઓફ બરોડા, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડનો સમાવેશ થાય છે.

આ ઈશ્યૂ SEBI ICDR નિયમોને અનુરૂપ બુક-બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા લાવવામાં આવી રહ્યો છે, જેમાં ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIBs) માટે મહત્તમ 50%, નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (NIIs) માટે ઓછામાં ઓછા ૧૫ ટકા અને રિટેલ ઈન્ડિવિજ્યુઅલ ઈન્વેસ્ટર્સ (RIIs) માટે ઓછામાં ઓછા ૩૫ હિસ્સો અનામત રાખવામાં આવ્યો છે.

## વાપી મચ્છી માર્કેટ માર્ગ પર બેફામ વાહન પાર્કિંગથી ટ્રાફિક સમસ્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૧૩ :** વાપી ટાઉન વિસ્તારમાં મચ્છી માર્કેટથી આશિયાના કોમ્પલેક્ષ તરફ જતાં મુખ્ય માર્ગ પર ગોડાઉન તેમજ કેટલાક વેપારીઓના બહારગામથી આવતા મોટા કન્ટેનર ટ્રક અને ટેમ્પો દ્વારા કરવામાં આવતા પાર્કિંગને પગલે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. મોટા વાહનો આખો દિવસ મુખ્ય માર્ગ પર જ પાર્ક રહેતા હોવાથી રસ્તો સાંકડો બની જાય છે અને અહીંથી પસાર થતા વાહનચાલકો તથા રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગોડાઉન ખાતે માલની હેરફેર માટે આવતા મોટા કન્ટેનર અને ટેમ્પો ઘણી વખત રસ્તા પર જ ઊભા રાખવામાં આવે છે. જેના કારણે માર્ગ પર વાહનોની અવરજવર માટે પૂરતી જગ્યા રહેતી નથી અને ખાસ કરીને દિવસ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા ખોરવાતી જોવા મળે છે. આ સમગ્ર મામલે વાપી ટાઉન પોલીસ તથા ટ્રાફિક પોલીસ દ્વારા સ્થળ પર તપાસ હાથ ધરી રસ્તા પર ગેરકાયદે રીતે પાર્ક કરવામાં આવતા ભારે વાહનો સામે કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તેવા સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક રહેવાસીઓ, રાહદારીઓ અને વાહનચાલકોમાં પણ એવી ચર્ચા છે કે, ટ્રાફિક પોલીસ અથવા આરટીઓના પાર્કિંગ અને ટ્રાફિક નિયમો આ વાહનચાલકોને લાગુ પડતા નથી કે કેમ ?

રસ્તા પર લાંબા સમય સુધી મોટા વાહનો પાર્ક કરી ટ્રાફિકને અડચણરૂપ બનતા હોય તો જવાબદાર વાહનચાલકો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે અને માર્ગ પરનું ગેરકાયદે પાર્કિંગ દૂર કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે અને જો આ અંગેની પરિસ્થિતિ આવી જ રહેશે તો રહીશોએ ઉચ્ચસ્તરે આ અંગેની ફરિયાદ કરવાની તજવીજ કરવી પડશે તેવી ચીમકી પણ આપી રહ્યા છે.

## બીલીમોરામાં મહાવીર જન્મ કલ્યાણક વાંચન મહોત્સવ ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૩ :** આત્માથી પરમાત્મા બનવાની સાધનાના પવિત્ર પર્વ પર્યુષણ અંતર્ગત બીલીમોરા પશ્ચિમના નવાપરા સ્થિત શ્રી શાંતિનાથ જૈન દેરાસરમાં શનિવારે ભાદરવા સુદ એકમના પાવન દિવસે ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક વાંચન મહોત્સવની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહી ભક્તિભાવપૂર્વક ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકને વધાવ્યો હતો.

ગિરનાર તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય નિતીસુરેશ્વર મ.સા નાં સમુદાયના પ્રખર પ્રવચનકાર પ.પૂ. આચાર્ય શ્રી લલિત-ભસૂરીશ્વરજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. સાધ્વીજી પ્રશમ-જ્ઞાશ્રીજી મહારાજ સાહેબ તથા પ.પૂ. સાધ્વીજી નયન-જ્ઞાશ્રીજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં આ મહોત્સવ દરમિયાન કલ્પસૂત્રજીના મૂળ પાઠનું ભાવપૂર્વક વાંચન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સાધ્વીજી ભગવંતોએ ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકના આધ્યાત્મિક મહત્ત્વ અંગે સમજાવતાં જણાવ્યું હતું માતૃ પુષ્પાબેન વસંતલાલ શાહ પરિવાર દ્વારા સતત ૫૭મા વર્ષે સમગ્ર જૈન સંઘ માટે સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫૭ વર્ષો ની લાંબા સમયથી ચાલી આવતી આ સેવાભાવી પરંપરાને સંઘના અગ્રણીઓએ બિરદાવી પરિવારની અનુમોદના કરી હતી. ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ભાવનાથી સભર આ મહોત્સવની પૂર્ણાહુતિ સાધના, ક્ષમા અને ભગવાન મહાવીરના અહિંસા તથા જીવદયાના સંદેશને જીવનમાં ઉતારવાના સંકલ્પ સાથે થઈ હતી.

## દાનહમાં ૨૪ કલાકમાં દોઢ ઈંચ વરસાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા. ૧૩ :** દાદરા નગર હવેલીમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં સેલવાસમાં ૩૨.૪ મિમી અને ખાનવેલમાં ૧૫.૪ મિમી વરસાદ નોંધાયો છે. સીઝનનો કુલ વરસાદ સામાન્ય કરતાં ૧૧૦.૬ ટકા ઉપર પહોંચી ગયો છે. સેલવાસમાં અત્યાર સુધી ૩૦૬૧.૮૦ મિમી અને ખાનવેલમાં ૩૦૦૨.૩૦ મિમી વરસાદ નોંધાયો છે.

વરસાદથી જમીન અને ભૂગર્ભજળના રિચાર્જ સાથે ખેડૂતોને રવિ પાકની તૈયારીમાં લાભ થવાની આશા છે. મધુબન ડેમની જળસપાટી ૭૮.૨૦ મીટર નોંધાઈ છે. ડેમમાં ૩,૪૧૭ ક્યુસેક આવક સામે ૫,૨૮૩ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં વરસાદની આગાહીને પગલે વહીવટીતંત્રે સાવચેતી રાખવા અપીલ કરી છે.

## વાપીમાં ફોન સ્નેચિંગ કરતો યુવક ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૧૩ :** ડુંગરા પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એન. ગોહિલ અને પીએસઆઈ કે.આર. ચોટલીયાના માર્ગદર્શન હેઠળ સ્નેચિંગના વણઉકેલ્યા ગુના શોધવા અલગ-અલગ ટીમો બનાવી હતી.

પોલીસે ઘટના સ્થળના સીસીટીવી ફૂટેજ તપાસ્યા અને ટેકનિકલ એનાલિસિસની મદદ લીધી હતી. આ દરમિયાન કોન્સ્ટેબલ કિશનભાઈ હરજીભાઈને મળેલી ખાનગી બાતમીના આધારે પોલીસે દરોડો પાડી આરોપી જુનૈદને પકડ્યો હતો.

પકડાયેલ આરોપીનું નામ જુનૈદ મોહીબ કરમશેર ખાન (ઉ.વ.૧૯) છે. તે હાલ વાપીના છીરી, ગાલામસાલામાં સુન્ની મસ્જિદ સામે ફ્લેટ નં.૪૦૫ માં રહે છે. તેનું મૂળ વતન ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લાના ધાનેપુર તાલુકાના બોધિકપુરવા ગામનું છે. આ કેસમાં સંડોવાયેલો અન્ય સહ-આરોપી મુન્ના રામધની યાદવ (રહે. છીરી, ક્રિષ્ણાપાર્ક, વિજય સાંઈ ભક્તિ-૨) પોલીસને મળ્યો ન હતો, જેથી પોલીસે તેને ફરાર જાહેર કરી શોધખોળ શરૂ કરી છે.

## બીલીમોરા ભૈયા ટેકરી ખાતે રામાપીર જયંતી ઉજવણી



**બીલીમોરા, તા.૧૩ :** બાર બીજના ધણી અને અશ્વસવાર અવતારી બાબા રામદેવપીરના પ્રાગટ્ય પર્વ એટલે કે ભાદરવા સુદ બીજ (રામાપીર જયંતી)ની ગણદેવી રોડ સ્થિત ભૈયા ટેકરી મંદિરે ભારે ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત દેશભરમાં કરોડો શ્રદ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર એવા બાબાના દરબારમાં હજારો ભક્તો ઉમટી પડ્યા હતાં.

જયંતી નિમિત્તે મંદિરે હવન-યજ્ઞ, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં ભક્તોએ દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આગામી ૨૦ સપ્ટેમ્બર, રવિવારના રોજ ભૈયા ટેકરી મંદિર પર વાજતે-ગાજતે ધજારોહણ કરવામાં આવશે. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા અને મહા-સાદનું પણ આયોજન રખાયું છે. સમગ્ર ધર્મોત્સવનો લાભ લેવા સમસ્ત રામદેવપીર મંડળ દ્વારા ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવાયું છે.

## વાપી ફેલોશિપ મિશન સ્કૂલનો પેરેન્ટ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૧૩ :** વાપી ફેલોશિપ મિશન સ્કૂલ દ્વારા ૯ સપ્ટેમ્બરથી ૧૨ સપ્ટેમ્બર સુધીના વ્યાપક પેરેન્ટ ઓરિએન્ટેશન પ્રોગ્રામનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોન્ટેસરીથી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતાં. ચાર દિવસીય આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય તમામ વિદ્યાર્થી વય જૂથોમાં શૈક્ષણિક શ્રેષ્ઠતા, શિસ્ત અને ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે માતાપિતા અને શાળા મેનેજમેન્ટ વચ્ચે મજબૂત સહયોગી ભાગીદારી બનાવવાનો હતો. ઈન્ટરેક્ટિવ સત્રોની શ્રેણી દરમિયાન, મેનેજિંગ ડિરેક્ટર સી.વી. મેથ્યુએ નવા નિયુક્ત પ્રિન્સિપાલ સંદીપ કુમાર મરહટ્ટાનો સત્તાવાર રીતે વાલી સમુદાય સાથે પરિચય કરાવ્યો. મેનેજમેન્ટ ટીમે વાઈસ-પ્રિન્સિપાલ સેમ મેથ્યુઝ, થોમસ કુરિયાકોસ અને મનીષા સૈનીને પણ રજૂ કર્યા. ડિરેક્ટર જુલી મેથ્યુએ તેમની હાજરી સાથે બેઠકોમાં હાજરી આપી, શાળાની સર્વાંગી વિકાસ અને વિદ્યાર્થી સહાય પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુનરાવર્તિત કર્યો. ઓરિએન્ટેશન સત્રો અસરકારક અભ્યાસ ટેવો, સમય વ્યવસ્થાપન, યોગ્યતા-આધારિત શિક્ષણ, જવાબદાર ટેકનોલોજીનો ઉપયોગ અને શૈક્ષણિક શિસ્ત જાળવવા સહિતના મુખ્ય વિકાસલક્ષી વિષયો પર કેન્દ્રિત હતાં. શાળાના નેતૃત્વએ આ મહત્વપૂર્ણ રચનાત્મક અને વરિષ્ઠ શાળા વર્ષો દરમિયાન માતાપિતાને તેમના બાળકોના વિકાસને ટેકો આપવા માટે ઘરે યોગ્ય વાતાવરણ પૂરું પાડવા માટે માર્ગદર્શન આપવા માટેની વ્યૂહરચનાઓ રજૂ કરી. વાલીઓએ આ કાર્યક્રમ પ્રત્યે ખૂબ સંતોષ વ્યક્ત કર્યો, માહિતીપ્રદ, પ્રેરણાદાયક અને આકર્ષક ઈન્ટરેક્ટિવ મીટિંગ્સની શ્રેણી યોજવા બદલ શાળા મેનેજમેન્ટની પ્રશંસા કરી.

## વાપીમાં સેવા સંકલ્પ અભિયાનની વિડીયો કોન્ફરન્સ યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૧૩ :** સેવા સંકલ્પ અભિયાનના સંદર્ભે આજે વાપી ખાતે મહત્વપૂર્ણ વિડીયો કોન્ફરન્સ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વાપીના વીઆઈએ ખાતેથી ગુજરાત સરકારના નાણાં અને શહેરી વિકાસ કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ વર્ચ્યુઅલ બેઠકમાં વિશેષરૂપે જોડાયા હતાં. તેમની સાથે વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા મહામંત્રીઓ કમલેશભાઈ પટેલ અને નિખિલભાઈ ચોકસી, વિપુલભાઈ ભોયા તેમજ કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં.

આ ઉપરાંત વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપના પ્રમુખ મનીષભાઈ દેસાઈ તેમજ સંગઠનના હોદ્દેદારો વિવિધ સમિતિના ચેરમેન દ્વારા સેવા સંકલ્પ અભિયાનના જિલ્લા ઈન્ચાર્જ શીલ્પેશભાઈ દેસાઈ, જિલ્લા સંગઠન તથા મંડળના હોદ્દેદારો, વાપી મહાનગર પાલિકાના કોર્પોરેટરો તેમજ વાપી શહેરના પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં વિડીયો કોન્ફરન્સમાં સહભાગી થયા હતા. બેઠક દરમિયાન સેવા સંકલ્પ અભિયાનોને સફળ બનાવવા, છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓના લાભો પહોંચાડવા તેમજ સંગઠનાત્મક કામગીરીને વધુ વેગવંતી બનાવવા અંગે પ્રદેશ નેતૃત્વ દ્વારા જરૂરી દિશા-નિર્દેશો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
આલીપુર-૩૯૬ ૪૦૯, તા.ચીખલી, જી.નવસારી, ગુજરાત
વસુધારા

**૫૪મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ**

આથી સંઘ સંયોજીત સભાસદ મંડળીના નિયુક્ત પ્રતિનિધિઓને જણાવવાનું કે સને ૨૦૨૫-૨૦૨૬ના પૂરા થયેલા વર્ષની વાર્ષિક સાધારણ સભા તા.૨૮-૦૯-૨૦૨૬ને સોમવાર રોજ સવારના ૧૦.૦૦ કલાકે ''દિનકર ભવન'', ને.હા.નં.૪૮, મુ. મજીગામ, તા.ચીખલી સ્થળે મળશે તો સભામાં હાજર રહેવા વિનંતી છે.
નોંધ : સભા હોલામાં સભ્ય મંડળી દ્વારા ઠરાવ કરીને અધિકૃત કરેલા પ્રતિનિધિને જ સભામાં પ્રવેશ આપવામાં આવશે.

સહી/-
ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર
તા.૧૩.૦૯.૨૦૨૬

**PUBLIC NOTICE**

NOTICE is hereby given that I am investigating the right, title and interest of SONELL CLOCKS & GIFTS LIMITED, having its address at - 308, Narshi Natha Street, Mumbai - 400 009 with respect to its Non - Agriculture land for Industrial Purpose bearing Plot No. 70/3, admeasuring 2220 Square Meters, of Survey No. 66/1 situated in Dan Udyog Sahakari Sangh Limited of Village - Amli, U.T. of Dadra & Nagar Haveli & Daman & Diu alongwith the structure standing thereon; hereinafter referred to as "Said Property".

Any person having or claiming any estate, right, title, interest or demand whatsoever to or in respect of Said Property or any part there of or any FSI or development potential thereof, or against the Owner whether by way of sale, assignment, mortgage, lease, sub - lease, transfer, charge, lien, tenancy, sub - tenancy, license, gift, devise, bequest, exchange, possession, share inheritance, trust, maintenance, easement, encumbrance or under memorandum of understanding, agreement for sale or development agreement or power of attorney, any agreement, deed, document, writing, conveyance deed, letter of intent or any option, right of first refusal or pre-emption, or under any succession, family arrangement/ settlement, litigation, decree or order of any Court of law, or otherwise howsoever, are hereby required to make the same known by a notice in writing to the undersigned at his office at Joseph Fernandes, Advocate, 208, Mint Chambers, 2nd floor, 45 Mint Road, Fort, Mumbai 400 001, Email: info.josephfernandes@gmail.com together with documentary proof in support thereof, within 14 (Fourteen) days from the date of this notice, failing which, any alleged claim or right, shall not be entertained and shall be disregarded and shall be deemed to have been waived and/or abandoned.

Dated this 09 day of September, 2026.

Sd/-
JOSEPH FERNANDES
Advocate

**No.MAM/SIL/RTS/RBD-DNH/63/Birth/2026/3592 Dated: 06/07/2026.**

**APPLICANT- Viral Sa Savji Dodiya,**
**Presently residing at- House No. 30,**
**Amrunpada, Vasona, Po. Dapada, DNH.**
**Mo 9712060127**

**V/S**

**OPPONENTS - The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital.**

**NOTICE**

The public to take note that the above, named applicant Viral Sa Savji Dodiya's daughter, namely Suhani Viral Dodiya, who was born on 28/10/2024 at Shri Vinoba Bhave Civil Hospital, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hosiptal. Hence, the applicant has moved on application to pass an order to register birth of Suhani Viral Dodiya. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli,**
**Khanvel.**

**No.MAM/KNVL/RBD-DNH/204/2026/1125 Dated: 12/09/2026**

**APPLICANT - SHRI JITENDRA PAPPU RAJBHAR,**
**S/o. Pappu Rajbhar, R/o. Sindhapada, Udhava,**
**Talasari, Maharashtra - 401 606**
**Mob.: 9561220176/7203041501**

**V/S**

**OPPONENTS - Registrar of Birth & Death, Sub-District Hospital, Khanvel, DNH.**

**NOTICE**

The public to take note that applicant Shri Jitendra Pappu Rajbhar, R/o. Sindhapada, Udhava, Talasari, Maharashtra, has applied for registration of the birth of his son namely Kanishk Jitendra Rajbhar, S/o. Roopa Jitendra Rajbhar, who was born on 30/09/2024 at Sub-District Hospital, Khanvel, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Rudana.

Therefore, the applicant has requested to issue an order to register birth of his son Kanishk Jitendra Rajbhar, S/o. Roopa Jitendra Rajbhar.

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli,**
**Khanvel.**


ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફલાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

INDUSTRIAL SPACE AVAILABLE FOR RENT
READY TO MOVE
SARIGAM ANANTA INDUSTRIAL PARK
Premium 6000 sq. ft. industrial property available for lease.
6000 SQ. FT. CARPET AREA
95 HP POWER AVAILABLE
SEPARATE WASHROOM
EASY ACCESS FOR TRANSPORT & LOGISTICS
25 ft CLEAR HEIGHT
SUITABLE FOR FACTORY SETUP, WAREHOUSE, MANUFACTURING & INDUSTRIAL USE
CONTACT: 9824728200 (CALL/WHATSAPP)

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403
સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# દમણગંગા ટાઇમ્સ

Monday 14, September 2026

## ડાંગમાં ૧૨ કલાકમાં ૩૬ મી.મી. વરસાદ

**આહવા, તા.૧૩ :** ડાંગ જિલ્લામાં ચોમાસું સક્રિય રહેતા આજે તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ સવારનાં ૬ થી સાંજે ૬ વાગ્યા સુધી, છેલ્લા ૧૨ કલાકમા જિલ્લામાં સરેરાશ ૩૬ મી.મી. વરસાદ નોંધાયો છે. જેમાં આહવા તાલુકામાં ૪૭ મી.મી., વઘઈ તાલુકામાં ૩૩ મી.મી. તથા સુબીર તાલુકામાં ૨૮ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચાલુ મોસમનો સરેરાશ કુલ વરસાદ ૨૫૮૪ મી.મી. નોંધાયો છે.

## ધરમપુરમાં વિ.હિ.પ. દ્વારા ૩૦૦ ગણેશ પ્રતિમાઓનું વિતરણ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ધરમપુર, તા.૧૩ :** ગણેશોત્સવ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ધરમપુર, કપરાડા, નાનાપોઢા તેમજ દાદરા અને નગર હવેલી-સેલવાસના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા. નાનાપોઢા સ્થિત એન.આર. રાઉત હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આશરે ૩૦૦ શ્રી ગણેશજીની મૂર્તિઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૨૫ બોટલ રક્ત એકત્ર થયું હતું.

આયોજકોના જણાવ્યા મુજબ, અંતરિયાળ વિસ્તારોમાં હિન્દુ સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી ગણેશોત્સવ ઉપરાંત ભજન-કીર્તન, મંદિરોમાં દીવા પ્રગટાવવા સહિતની ધાર્મિક પ્રવૃત્તિઓને -ોત્સાહન આપવામાં આવ્યું હતું. રક્તદાન કરનારાઓને પ્રોત્સાહિત કરવા આકર્ષક ભેટ પણ આપવામાં આવી હતી.કાર્યક્રમમાં કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન, નાનાપોઢા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન પટેલ, કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ ગાવઢા સહિતના મહાનુભાવો, આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાન કેમ્પના આયોજનમાં વલસાડ રક્તદાન કેન્દ્ર અને ચિરંજીવી હોસ્પિટલનો સહયોગ રહ્યો હતો.

## અંતે ટુકવાડામાં દિપડો પાંજરે પુરાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) પારડી, તા.૧૩ :** સામાજીક વનિકરણ રેંજ પારડીના કાર્ય વિસ્તારમા આવેલ પારડી તાલુકાના ટુકવાડા ગામમાં આહિર ફળીયા ખાતે બાબુભાઈ ભાણીયાભાઈ આહિરના ઘરની બાજુમા કુતરાનુ મારણ તા.૦૭ ૦૯ ૨૦૨૬ના રોજ વન્યપ્રાણી દિપડાએ મારણ કરવાની ફરીયાદ સરપંચ ટુકવાડા તેજલ બેન દિપેશભાઈ પટેલ દ્વારા રેંજ ફોરેસ્ટ ઓફિસર અંકિતભાઈ એમ. પટેલ પારડીને કરતા વન વિભાગનો સ્ટાફ તાત્કાલીક સ્થળની મુલાકાત કરી હતી સ્થળ પર પાંજરૂ ગોઠવણ કરી હતી ત્યાર બાદ ગઈ કાલ તા. ૧૨ ૦૯ ૨૦૨૬ ના રોજ સાંજે આશરે ૦૭:૪૫ કલાકે વન્યપ્રાણી દિપડો પાંજરૂમા પુરાતા વન વિભાગ ટીમ સ્થળ પર પહોંચી પાંજરૂ કબજે લઈને વન્યપ્રાણી દિપડા માદા-૧નો કબ્જો મેળવી સુરક્ષિત જગ્યાએ ખસેડી લાવવામા આવેલ છે.

જેનુ પશુચિકિત્સક પારડી ધ્વારા મેડીકલ ચેકઅપ કરી નાયબ વન સંરક્ષક વલસાડના માર્ગદર્શન હેઠળ વન્યપ્રાણીને જંગલ વિસ્તારમા મુક્ત કરવાની આગળની કાર્યવાહી હાથ ધરવામા આવશે.

## વાપી રામદેવપીર મંદિરે ૧૨ ગામોના ભક્તો પગપાળા પહોંચ્યા





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વાપી, તા.૧૩ :** વાપીમાં ભાદરવી બીજના પાવન દિવસે રામદેવપીર મહારાજની જન્મજયંતીની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. નામધા-રોફેલ કોલેજ રોડ ઉપર આવેલા રામદેવપીર મંદિર ખાતે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. વાપી તેમજ આસપાસના ગામોમાંથી ભક્તો પગપાળા સંઘના સ્વરૂપે ધજા લઈને મંદિરે પહોંચ્યા હતા અને ધજા ચડાવી ધન્યતા અનુભવી હતી.

છેલ્લા ઘણા વર્ષોથી ભાદરવી બીજના દિવસે રામદેવપીરના ભક્તો દ્વારા પગપાળા સંઘ કાઢવાની પરંપરા જળવાઈ રહી છે. આ વર્ષે પણ ઉદવાડા, પરિયા, છીરી, ભીમપોર, દલવાડા, સોમનાથ, દમણ સહિત વાપી જીઆઈડીસી વિસ્તારમાં વસતા રામદેવપીરના ભક્તો મોટી સંખ્યામાં પગપાળા સંઘ સ્વરૂપે મંદિરે પહોંચ્યા હતા.

વહેલી સવારથી ભક્તો હાથમાં ધજા લઈને વાપીના મુખ્ય માર્ગો પરથી પસાર થતા જોવા મળ્યા હતા. ભક્તિમય વાતાવરણ વચ્ચે જય રામદેવપીરના નાદથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ભક્તોએ મંદિર ખાતે ધજા ચડાવી બાબા રામદેવપીરના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પગપાળા સંઘના કારણે વાપીના મુખ્ય માર્ગો પર વહેલી સવારથી જ ધાર્મિક માહોલ સર્જાયો હતો અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## પરિવાર બિહાર અંતિમવિધિમાં ગયું અને તસ્કરો મહેમાન બન્યા

## વાપીના છીરીમાં બંધ ફ્લેટમાંથી રૂ.૧.૨૨ લાખના દાગીના ચોરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વાપી, તા.૧૩ :** છીરી જયભારત નગર, તુલસી પાર્ક ફ્લેટ નં.૨૦૬ માં રહેતા મૂળ બિહારના ધીરજ ઉગેશ્વર શર્મા (ઉ.વ.૩૨, ધંધો સિવિલ કન્સ્ટ્રક્શન) ના બંધ ફ્લેટમાંથી અજાણ્યા તસ્કરો સોના-ચાંદીના દાગીના ચોરી ગયા છે.

ફરિયાદ મુજબ તા.૧૭/૦૮/૨૦૨૬ ના રોજ તેઓ પરિવાર સાથે વતન બિહાર સાળાના અંતિમ સંસ્કારમાં ગયા હતા. તા.૦૭/૦૮ ના રોજ ટ્રેનમાં નીકળ્યા હતા અને તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજ રાત્રે ૨ વાગ્યે પત્ની પૂર્ણિમા સાથે પરત આવતા ઘરનો દરવાજો લોક મારેલો હતો. અંદર જતા હોલ અને બેડરૂમમાં સામાન વેરવિખેર હતો. રસોડામાં લાકડાના ટેબલ નીચે મુકેલી માતાની લોખંડની પેટીનું તાળું તોડી અંદરથી સોનાનો ટીકો ૨ ગ્રામ રૂ.૨૪,૦૦૦, મંગળસૂત્ર ૩ ગ્રામ રૂ.૩૬,૦૦૦, ઢોલના પેન્ડલ ૧.૩ ગ્રામ રૂ.૧૫,૬૦૦, નાકની નથીયા ૩ ગ્રામ રૂ.૩૬,૦૦૦, ચાંદીનો કમરબંધ ૧૫૨ ગ્રામ રૂ.૭૦૦૦ અને હાથના પંજાની જોડી ૬૮ ગ્રામ રૂ.૪૦૦૦ મળી કુલ રૂ.૧,૨૨,૬૦૦ ના દાગીના ચોરાયા હતા.

પાછળની શિવા હાઈટ્સના સીસીટીવીમાં તા.૦૮/૦૮ ના રોજ રાત્રે ૩ થી ૩:૫૦ દરમિયાન અજાણ્યા ઈસમો બહાર નીકળતા દેખાયા છે. ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વલસાડ સીટી પોલીસનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વલસાડ, તા. ૧૩ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડી સહિતના ગુનામાં વોન્ટેડ આરોપી ને વલસાડ એલ. સી. બી. ના પી.આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ ટીમ વર્ક આઉટમાં હતી.

આ દરમિયાન ટીમ ને મળેલી બાતમીના આધારે વોન્ટેડ આરોપી મુકેશભાઈ વસંતભાઈ ધોડી ઉ.વ. ૪૪, રહે. અચ્છારી, નવીનગરી, તા. ઉમરગામ, જિ. વલસાડને દબોચી લેવામાં આવ્યો હતો.આરોપી સામે વલસાડ સીટી પોલીસ મથક માં છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ અર્થે તેનો કબજો વલસાડ સીટી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## ધરમપુર-નાનાપોંઢા રોડ પર બે બાઈક અથડાતા એકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ધરમપુર, તા.૧૩ :** ધરમપુર તાલુકાના બારોલિયા ગામ નજીક ધરમપુરથી નાનાપોઢા તરફ જતા માર્ગ પર બે બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રોજ આશરે સાંજે ૬:૪૫ વાગ્યાના અરસામાં બારોલિયા ગામના આશ્રમ ફળિયા નજીક આ અકસ્માત બન્યો હતો. ફરિયાદી પોતાની હોન્ડા એક્ટિવા પર જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી હોન્ડા યુનિકોર્ન મોટરસાયકલના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવી ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં એક્ટિવા સાથે સામસામે અથડામણ થઈ હતી.

અકસ્મતમાં ફરિયાદીને જમણા હાથ તથા પગમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થઈ હતી. જ્યારે યુનિકોર્ન મોટરસાયકલ પર પાછળ બેઠેલા સંદીપકુમાર રામાયણ-સાદ તિવારી નીચે પટકાઈ જતા ટ્રકના પાછળના ટાયર નીચે આવી ગયા હતા. ગંભીર ઈજાઓને પગલે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ધરમપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## મોટી સુલપડ નજીક દારૂભરેલી રિક્ષા ઝડપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વાપી, તા.૧૩ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમીના આધારે વાપીના મોટી સુલપડ, ભડકમોરા મંદિર નજીક રોડ પરથી એક બજાજ ઓટો રીક્ષા નં. GJ-15-XX-7639 ને ઝડપી પાડી હતી.

રીક્ષામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કી/બિયરની ૨૮૨ બોટલ/ટીન કિંમત રૂ.૩,૫૫,૦૮૨ નો મળી આવ્યો હતો.

રીક્ષા કિંમત રૂ.૧,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૪,૫૫,૦૮૨ નો પ્રોહી મુદ્દામાલ કબજે કરાયો છે. રીક્ષા ચાલક હરીચરણ અર્જુન પાસવાન (રહે. ચણોદ, વાપી) ભાગી જતા વોન્ટેડ જાહેર કરી વાપી GIDC પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

## ગણદેવીના ખાપરીયામાંથી દારૂ સાથે એક ઝડપાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) બીલીમોરા, તા.૧૩ :** ગણદેવીના ખાપરીયા પાટીદાર મહોલ્લામાં રહેતા અશોક ઈશ્વરભાઈ પટેલ (ઉં.વ. ૫૧)ના રહેણાંક મકાને પોલીસે બાતમીના આધારે રેડ પાડી હતી. તપાસ દરમિયાન મહારાષ્ટ્ર અને દમણની ડ્યુટી ફ્રી શોપમાંથી લાવી ગેરકાયદે સંગ્રહિત કરાયેલી રૂ.૫,૪૪,૨૬૯ની કિંમતની ૫૮ વોડકા બોટલ તથા ૧૨૦ ટીન બિયર મળી કુલ ૧૭૮ નંગ વિદેશી દારૂ તેમજ રૂ.૩૦,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫,૭૪,૨૬૯નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપી અશોક પટેલની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જે અંગે બીલીમોરા પીઆઈ એ.એસ. સરવૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ડુંગરીમાં ગણેશ આગમન ટાણે તલવાર જેવા હથિયાર સાથે નાચતો યુવક ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વલસાડ, તા.૧૩ :** સોશિયલ મીડિયા પર ફેમસ થવાના ચક્કરમાં કાયદાનું ઉલ્લંઘન કરનારા તત્વો સામે વલસાડ જિલ્લા પોલીસે લાલ આંખ કરી છે. ગણેશ આગમન દરમિયાન જાહેર રસ્તા પર તલવાર જેવી દેખાતી સ્ટીલની સ્ટીક લઈને નાચતા એક યુવકનો વીડિયો વાયરલ થતાં ડુંગરી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી તેને ઝડપી પાડ્યો છે.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક એ.કે. વર્મા દ્વારા સોશિયલ મીડિયા પર નજર રાખી કાયદાનો ભંગ કરતા ઈસમો સામે કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી.

આ દરમિયાન ડુંગરી પોલીસ સ્ટેશન વિસ્તારના કકવાડી મેથીયા ફળીયામાં ગણપતિ આગમન દરમિયાન એક યુવક હાથમાં તલવાર જેવા હથિયાર સાથે નાચતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર પ્રસારિત થયો હતો.

વીડિયો સામે આવતા જ ડુંગરી પોલીસ ઈન્સ્પેક્ટર યુ.એચ. પટેલ તથા પોલીસ સ્ટાફે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તલવાર જેવી દેખાતી સ્ટીલની સ્ટીક સાથે નાચી રહેલા યુવક સાહિલ જયંતીભાઈ ટંડેલ ઉં. વ.૨૪ વર્ષ રહે કકવાડી મેથીયા ફળીયું, તા.જિ. વલસાડ વિરુદ્ધ ડુંગરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ આરોપી એ ધરપકડ કરી તેની પાસેથી સ્ટીક કબ્જે લેવામાં આવી છે વલસાડ જિલ્લા પોલીસ વડા એ જાહેર જનતાને અપીલ કરી કે સોશિયલ મીડિયામાં પ્રસિદ્ધિ કે રીલ્સ બનાવવાના ચક્કરમાં કાયદાનો ભંગ કરવો નહીં. કાયદો હાથમાં લેનારા કે નિયમો તોડનારા લોકો સામે પોલીસ કડક કાર્યવાહી કરશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પોલીસની બાજ નજર સતત ચાલુ છે.

## ડુંગરી પોલીસે લકઝરી બસમાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલ્યો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વલસાડ, તા. ૧૩ :** નેશનલ હાઈવે નં. ૪૮ પર આવેલા પંચલાઈ સ્થિત હોટલ પુરોહિતના પાર્કિંગમાં ઊભેલી લકઝરી બસમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડની ચોરી કરનાર આરોપીને ડુંગરી પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી રૂપિયા ૧,૫૭,૦૭૦ નો મુદ્દામાલ રિકવર કર્યો છે.

વલસાડ જિલ્લાના નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા પંચાલય સ્થિત હોટલ પુરોહિત ના પાર્કિંગમાં ઉભેલી લક્ઝરી બસમાંથી સોના ચાંદી દાગીના તેમજ રોકડ રૂપિયાની ચોરી થવાની ઘટના બની હતી જે ચોરી બનાવો અંગે ડુંગરી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં ફરતે હતી તે દરમિયાન મળેલી બાતમી આધારે ખાનગી બસમાંથી શંકાસ્પદ ઈસમ મૃત્યુંજય ઉર્ફે લાલુ વિજયાસીંહ પુનમચંદ ચૌહાણ ઉં.વ. ૨૯, રહે કરોંદીયા, તા. કસરાવદ, જિ. ખરગોન, મધ્યપ્રદેશ ની પૂછપરછ કરતા તેની પાસેથી સોનાનું મંગળસૂત્રનું પેન્ડેન્ટ અને મણકા ૮૦,૦૦૦, ચાંદીનો કંદોરો ૫૦,૦૦૦, ચાંદી ના પાયલ૧૫,૦૦૦, રોકડા રૂપિયા૧૨,૦૭૦ મળી કુલ ૧,૫૭,૦૭૦ ના મુદ્દા માલ સાથે આરોપીની ધરપકડ કરી હતી.

## વલસાડ આરપીએફ મહિલા પોલીસ સાથે હાથાપાઈ કરનાર રિક્ષાચાલક ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વલસાડ, તા.૧૩ :** સ વલસાડ રેલવે સ્ટેશન ની ટિકિટ બારીના પ્રવેશ દ્વાર પર રીક્ષા ચાલકો ડિંગો જમાવે મુસાફરોને પરેશાન કરતા હોય જેમકે ત્યાં એક ઉભેલી આરપીએફ મહિલા પોલીસ કર્મચારી એ રીક્ષા ચાલકને ત્યાંથી સ્ટેન્ડ પર મૂકવા જણાવતા રીક્ષા ચાલકે મહિલા પોલીસ સાથે હાથાપાઈ કરના રીક્ષા ચાલકને પોલીસે કાયદા નું ભાન કરાવ્યું હતું.વલસાડ રેલવે સ્ટેશન ની ટિકિટ બારીના પ્રવેશ દ્વાર પર મોટા પ્રમાણમાં રીક્ષા ચાલકો ઑડિંગો જમાવે છે. ગઈકાલે વલસાડ રેલવે સ્ટેશન પર એક રીક્ષા ચાલકે ટિકિટ બારી ના પ્રવેશ દ્વાર પર રીક્ષા ચાલકે રીક્ષા પાર્ક કરી હતી તે દરમિયાન આરપીએફ મહિલા પોલીસ કર્મચારી ફરજ પર હતી. તે દરમિયાન ગતરોજ સવારે આરપીએફની મહિલા પોલીસ ફરજ પર હતી અને ટિકિટ બારી બહાર પાર્ક કરેલી તમામ રીક્ષા ચાલકોને ત્યાંથી હટાવી સ્ટેન્ડ પર મૂકવા જણાવ્યું હતું તે દરમિયાન રીક્ષા ચાલક અર્જુન ઉર્ફે પંડિત રાજનાથ શર્મા એ મહિલા પોલીસ કર્મચારી સાથે ઝઘડો કરી જાહેરમાં હાથાપાઈ કરતા મહિલા પોલીસ કર્મચારીને ઈજા થઈ હતી. જે ઘટનાના પગલે સ્થળ પર હાજર રહેલા લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. જે અંગે આરપીએફની મહિલા પોલીસ કર્મચારીએ રેલવે પોલીસમાં આપવામાં ફરિયાદ નોંધાવતા પીઆઈ પઢિયારે તપાસ શરૂ કરતા રીક્ષા ચાલક ને આર પી એફ અને રેલવે પોલીસનીસંયુકત ટીમોએ આજરોજ વલસાડ રેલવે સ્ટેશન પાસેથી રીક્ષા ચાલક અર્જુન ઉર્ફે પંડિત રાજનાથ શર્મા રહે.ઔરંગા રોડ કાથા મિલ પાસે લીલાપોર તા.જી. વલસાડ ની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

## ગણદેવીનાં હાઈવે પર કારમાંથી દારૂ ઝડપાયો : ચારની ધરપકડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ગણદેવી, તા.૧૩ :** ગણદેવી પોલીસને બાતમી મળી હતી કે વિદેશી દારૂ ભરેલી કાર વલસાડ તરફથી આવી ખારેલ થઈ વડોદરા તરફ જનાર છે. તે આધારે ગણદેવી તાલુકાના ગણદેવા ગામે નેશનલ હાઈવે નં.૪૮ ખારેલ ઓવરબ્રિજ નીચે વોચ ગોઠવી હતી.દરમ્યાન મહેન્દ્ર બોલેરો કાર નં. જીજે ૦૫ આરટી ૬૨૮૭ ને રોકી તલાશી લીધી હતી. જેમાંથી રૂ.૨,૬૨,૮૦૦ ની વિદેશી દારૂ બોટલ નં. ૬૭૨, કાર રૂ.૭ લાખ, ૪ મોબાઈલ રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૯,૮૨,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને આરોપી કિનલ ગોવિંદ પટેલ(૩૨) રહે. વચલા ફળીયા, સોનવાડા, પારડી, વલસાડ, સોહમ અશોકભાઈ પટેલ (૨૮) રહે. બોરલાઈ, વલસાડ, અક્ષય અશોકભાઈ પટેલ (૨૪) રહે.આમલી, વલસાડ અને ધર્મિન સુભાષભાઈ પટેલ (૨૯) રહે. સુખલાવ, વલસાડ ની ધરપકડ કરી હતી.

જયારે માલ મંગાવનાર વિશાલ અને દિપક બંને રહે. ઉમજ ગામ, વડોદરા તેમજ માલ ભરી આપનાર રાકેશ પટેલ રહે.ખાનવેલ, સેલવાસ ને વોન્ટેડ જાહેર કર્યા હતા. ગણદેવી પીઆઈ એન આઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યાં છે.

## ચીખલીના ચાસા ગામે બાઈક સ્લીપ થતાં ઘવાયેલા યુવકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ચીખલી, તા.૧૩ :** ચીખલી તાલુકાના દેગામ ગામે થી બે યુવાનો ટાંકલ ગણપતિનું આગમન જોઈને પરત ફરતા ચાસા ગામે મોટરસાયકલ સ્લીપ થઈ જતા મોટરસાયકલ સવારનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજવા પામ્યું છે જ્યારે પાછળ બેઠેલ યુવાનને શરીરે નાની મોટી ઈજા પહોંચી હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામ્યો છે.

બનાવની પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના દેગામ કુંભાર ખાંચ ફળીયા ખાતે રહેતા આશિષ પ્રકાશભાઈ રાઠોડ ઉ.વ. ૨૦ તથા તેનો મિત્ર આયુષ ચંદુભાઈ હળપતિ સાથે હોન્ડા યુનિકોન મોટરસાયકલ નંબર gj 21 dh 3723 લઈને ટાંકલ ગામ ખાતે ગણપતિ આગમન જોવા માટે ગયા હતા અને રાત્રિના આશરે ૧૨ વાગ્યાના સુમારે ઘરે પરત આવી રહ્યા હતા. દરમિયાન ચાસા ગામ આમલા ફળિયામાં આવેલ અહમદભાઈ મુબારક ભાઈ ના ઘર ની સામે જાહેર રોડ ઉપર મોટરસાયકલ સ્લીપ થઈ જતા આ બંને યુવાનો રોડ ઉપર પટકાતા આશિષ પ્રકાશભાઈ રાઠોડને માથામાં ગંભીર ઈજા પહોંચતા પ્રથમ સારવાર આલીપોર હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાતા સારવાર દરમિયાન આશિષ પ્રકાશભાઈ રાઠોડનું કરુણ મોત નીપજવા પામ્યું હતું જ્યારે આયુષ ચંદુભાઈ હળપતિને શરીરે નાની-મોટી ઈજા પહોંચી હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાતા બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ આર એન વાડલે હાથ ધરી છે.

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**